GJRJ060014792016

સત્યમેવ જયતે

દાખલ તારીખ : ૧૬–૧૨–૨૦૧૬
રજી. તારીખ : ૧૬–૧૨–૨૦૧૬
ફેસલ તારીખ : ૨૦–૦૪–૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ

## ધોરાજીના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મું. ધોરાજી.

**ફોજદારી કેસ નં.૯૮૭/૨૦૧૬**
**આંક–**

ફરીયાદીઃ– શ્રી સરકાર,

**વિરૂધ્ધ**

આરોપીઃ– જયેશભાઈ ભીખાભાઈ સરવૈયા,
રહે.ઉમરકોટ, તા.ધોરાજી.

**ગુનોઃ– ભારતીય દંડ સંહિતાની કલમ– ૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એક્ટની કલમ–૩૭(૧), ૧૩૫ મુજબ.**

=====================================================

ફરીયાદ પક્ષે – વિદ્ધાન એ.પી.પી. શ્રી જે.વી.જોષી

આરોપીપક્ષે – વિ.વ.શ્રી એચ. પી. માલવી

=====================================================

## –// ચુકા દો //–

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક વિગત એવી છે કે, તા.૨૮/૦૮/૨૦૧૬ ના રોજ કલમ–૧૭:૦૦ વાગ્યે મોજે ઉમરકોટ ગામની સીમમાં ગામડા બીટ ધોરાજી ખાતે આ કામના ફરિયાદીના પત્નીએ આરોપીને તેના ભાગના શેઢાનું ઘાસ વાઢવા કહેતા આરોપીએ સાહેદને આ શેઢો ક્યાં તારા બાપનો છે તેમ કહી ગાળો આપી તેના હાથમાં રહેલ દાતરડા વડે માર મારતા ફરિયાદી

વચમાં પડતા ફરિયાદીને જમણા હાથમાં દાતરડુ મારી આંગળી પર ઈજા કરી, મહે. જીલ્લા મેજી.સા. ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાનો આક્ષેપ કરવામાં આવેલ છે. જે સંબંધી ફરીયાદી દાદુભાઈ ભાણાભાઈ સરવૈયાનાઓએ ધોરાજી પોલીસ સ્ટેશનમાં ફરીયાદ કરતાં જે ફરીયાદ ધોરાજી પોલીસ સ્ટેશન ફર્સ્ટ ગુ.રજી. નં.૮૭/૨૦૧૬ થી તા.૦૩/૦૯/૨૦૧૬ થી નોંધેલ છે.

ઉપરોકત ફરિયાદ હકીકત આધારે ફરિયાદ રજીસ્ટરે લઈ, ફરિયાદ સબબ તપાસ કરનાર અમલદારને તપાસ અર્થે સુપ્રત કરવામાં આવેલી. તેઓએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધેલા તથા જરૂરી કાર્યવાહીના અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાતો હોઈ અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરેલ. જે ચાર્જશીટ ફોજદારી કેસ તરીકે રજીસ્ટર થતાં અત્રેની અદાલતમાં ધારા–ધોરણસર તે કેસની ઈન્સાફી કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.

(૨) ત્યારબાદ આરોપી કોર્ટ સમક્ષ હાજર થયેલા અને ક્રિ.પ્રો.કોડ.ની– કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે મળ્યાની ખાતરી થતા સી.આર.પી.સી.ની કલમ–૨૪૦ ની જોગવાઈ ધ્યાને રાખી આ કામના આરોપી ઉપર તહોમતનામું આંક–૮(એ) થી ફરમાવી અને તહોમતનામાના અનુસંધાનમાં આંક–૮(બી) થી આરોપીની પ્લી નોંધતા આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરેલ છે જેથી આરોપી સામેની ગુન્હાની ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

(૩) ફરીયાદ પક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં નીચે મુજબ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

// **<u>મૌખિક પુરાવો</u>** //

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પંચસાહેદ વિનોદભાઈ કરશનભાઈની સોગંદ | ૧૯ |

| | | |
|---|---|---|
| | પરની જુબાની | |
| ૨ | પંચસાહેદ ઈકબાલ વલીભાઈની સોગંદ પરની જુબાની | ૨૧ |
| ૩ | ફરિયાદી દાદુભાઈ ભાણાભાઈની સોગંદ પરની જુબાની | ૨૨ |
| ૪ | સાહેદ દીલુબેન દાદુભાઈ સરવૈયાની સોગંદ પરની જુબાની | ૨૯ |
| ૫ | પંચસાહેદ જગદીશભાઈ ભાણાભાઈ સરવૈયાની સોગંદ પરની જુબાની | ૩૦ |
| ૬ | સાહેદ મનોજભાઈ કાળુભાઈ સરવૈયાની સોગંદ પરની જુબાની | ૩૨ |
| ૭ | પંચસાહેદ કાળુભાઈ રાઘવજીભાઈની સોગંદ પરની જુબાની | ૩૩ |
| ૮ | સાહેદ રાહુલભાઈ દાદુભાઈની સોગંદ પરની જુબાની | ૩૬ |
| ૯ | સાહેદ ડૉ.દિનેશકુમાર મોહનભાઈ ડઢાણીયાની સોગંદ પરની જુબાની | ૪૩ |
| ૧૦ | ત.ક.અ. વિજયભાઈ નાગજીભાઈ ચાવડાની સોગંદ પરની જુબાની | ૪૬ |
| ૧૧ | સાહેદ ડૉ.પ્રિયાંક રમેશચંદ્ર બગથરીયાની સોગંદ પરની જુબાની | ૫૯ |
| ૧૨ | સાહેદ જયેશકુમાર હરસુખલાલ ટાંકની સોગંદ પરની જુબાની | ૮૦ |

## // <u>દસ્તાવેજી પુરાવો</u> //

| અ.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | સ્થાનિક જગ્યાનું પંચનામુ | ૨૦ |
| ૨ | ફરિયાદ | ૨૩ |
| ૩ | અટક પંચનામુ | ૩૧ |
| ૪ | ફરિયાદીનું ઈજા અંગેનુ સર્ટીફીકેટ | ૪૪ |
| ૫ | ફરિયાદીનુ ઈજા અંગેનુ સર્ટીફીકેટ | ૬૦ |
| ૬ | સાહેદનુ ઈજા અંગેનુ સર્ટીફીકેટ | ૬૧ |
| ૭ | જીલ્લા સેવા સદન રાજકોટનો પત્ર | ૮૧ |
| ૮ | હથિયારબંધીનુ જાહેરનામુ | ૮૨ |

(૪) આ સિવાય ફરિયાદપક્ષ તરફથી પોતાના કેસના સમર્થનમાં બીજો કોઈપણ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ નથી. ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરિયદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે. ફરિયાદપક્ષે રજુ થયેલ પુરાવા વંચાણે લઈ આ કામના આરોપીનુ ક્રિમી. પ્રોસી. કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન તેમજ વધુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલુ. ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) ફરિયાદ હકીકત, રેકર્ડમાં રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા, કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં, આ કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–: મુ દ્દા ઓ :–**

૧. શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, આરોપીએ તા.૨૮/૦૮/૨૦૧૬ ના રોજ કલમ–૧૭:૦૦ વાગ્યે મોજો ઉમરકોટ ગામની સીમમાં ગામડા બીટ ધોરાજી ખાતે આ કામના ફરિયાદીના પત્નીએ આરોપીને તેના ભાગના શેઢાનુ ઘાસ વાઢવા કહેતા આરોપીએ સાહેદને આ શેઢો ક્યા તારા બાપનો છે તેમ કહી ગાળો આપી તેના હાથમાં રહેલ દાતરડા વડે માર મારતા ફરિયાદી વચમાં પડતા ફરિયાદીને જમણા હાથમા દાતરડુ મારી આંગળી પર ઈજા કરી, મહે. જીલ્લા મેજી.સા. ના જાહેરનામાનો ભંગ કરી, ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૪, ૩૨૩, ૫૦૪ તથા જી.પી.એક્ટની કલમ–૩૭(૧), ૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો તેના કારણો સહીત નીચે મુજબ છે.

૧. અંશતઃહકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

(૭) ફરિયાદ હકીકતો, રેકર્ડ ઉપરના પુરાવા, કાયદાકીય જોગવાઈઓ, દલીલો ધ્યાને લેતાં, ઉપરોકત મુદ્દાના નિર્ણય અંગેના મારા વિગતવારના કારણો નીચે મુજબ છે.

## // કા ર ણો //

(૮) સદર કામે ફરીયાદ પક્ષે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા ઈ.પી. કો.કલમ–૩૧૯, ૩૨૧, ૩૨૩, ૩૨૪, ૫૦૪, જી.પીએક્ટ–૧૩૫ વંચાણે લેવી જરૂરી છે, જે નીચે મુજબ છે :–

**ઇ.પી.કોડની કલમ કલમ–૩૧૯ : વ્યથા** :–

જે કોઈ વ્યકિત, બીજી કોઈ વ્યકિતને શારીરીક પીડા, રોગ કે અશકિત ઉપજાવે તેણે તેને વ્યથા કરી કહેવાય.

**ઇ.પી.કોડની કલમ–૩૨૧ : સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબત**:–

કોઈ વ્યકિતને વ્યથા કરવાના ઈરાદાથી અથવા વ્યથા થવાનો સંભવ છે એવી જાણકારી સાથે જે કોઈ વ્યકિત કોઈ કૃત્ય કરે અને તેમ કરીને તેને વ્યથા કરે તેણે સ્વેચ્છાપૂર્વક વ્યથા કરી કહેવા.

**ઇ.પી.કોડની કલમ–૩૨૩ :– સ્વેચ્છાપૂર્વક વ્યથા પહોંચાડવાની સજા** :–

કોઈપણ વ્યકિત, કલમ–૩૩૪ માં જણાવેલાં સંજોગોમાં હોય તે સિવાય સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને એક વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા એક હજાર રૂપિયા સુધીનો દંડ અથવા તે બન્ને સજા કરવામાં આવશે. તેમજ

**ઇ.પી.કોડની કલમ ૩૨૪:–** ધ્યાને લેવામાં આવે તો તેમા ભયાનક શસ્ત્રો કે સાધનો દ્વારા સ્વેચ્છાપુર્વક વ્યથા

પહોંચાડવીઃ-કોઈ પણ વ્યક્તિ, કલમ-૩૩૪ માં દર્શાવેલા સંજોગોમાં હોય તે સિવાય ગોળી છોડવાનાં, ભોકવાના અથવા કાપવાના સાધન વડે અથવા જે સાધનને આક્રમક હથિયાર તરીકે વાપરવાથી મૃત્યુ નિપજવાનો સંભવ હોય તેવાં સાધન વડે અથવા આગ કે તપાવેલા કોઈ પદાર્થ વડે અથવા ઝેર કે ક્ષયજનક પદાર્થ વડે અથવા કોઈ સ્ફોટક પદાર્થ વડે અથવા જે પદાર્થ શ્વાસમાં લેવાથી કે ગળી જવાથી કે લોહીમાં ભળવાથી માનવશરીરને હાનિકારક નિવડે તેવા પદાર્થ વડે અથવા કોઈ પ્રાણી મારફથ સ્વેચ્છાપુર્વક વ્યથા પહોંચાડે તેને ત્રણ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદ અથવા દંડ અથવા તે બંન્ને સજા કરવામાં આવશે.

<u>**ઇ.પી.કોડની કલમ-૫૦૪-**</u> અન્વયેનો ગુનો બનવા ફરિયાદપક્ષે એ સાબિત કરવુ પડે કે, આરોપીએ કોઇ વ્યક્તિનું અપમાન કર્યુ હોય, તેણે ઇરાદાપુર્વક આમ કર્યુ હોય, તેણે તેમ કરીને તે વ્યક્તિને ઉશ્કેરાટનું કારણ આપ્યુ હોય, ઉશ્કેરાઇ જઇને તે વ્યક્તિ જાહેર સુલેહ શાંતિનો ભંગ કરે અથવા બીજો કોઇ ગુનો કરી બેસે એવો તેનો ઇરાદો હતા અથવા એવુ થવાનો સંભવ હોવાનું તે જાણતો હોય.

<u>**જી.પી.એકટની કલમ ૧૩૫-**</u> અન્વયેનો ગુનો બનવા ફરીયાદપક્ષે એ સાબીત કરવું પડે કે, બનાવ સમયે જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનું હથીયાર બંધીનું જાહેરનામું અમલમાં હતું જે જાહેરનામાની પ્રસિધ્ધિ યોગ્ય જાહેર જગ્યાઓએ કરવામાં આવેલ અને જાહેરનામું અમલમાં હોવા છતાં આરોપીએ જાહેરમાં મારક હથીયાર ધારણ કરી જાહેરનામાનો ભંગ કરેલ હતો.

<u>**મુદ્દા નં.૧ ની ચર્ચાઃ-**</u>

(૯) ફોજદારી પ્રક્રિયાની ન્યાયશાસ્ત્રનો એ પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, ફરીયાદપક્ષે તેનો કેસ સબળ વિશ્વસનીય પુરાવાથી કોઇપણ જાતની

શંકારહીત પુરવાર કરવાનો હોય છે જ્યારે ફરીયાદપક્ષના કેસમાં વાજબી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનો લાભ આરોપીપક્ષને આપવાનો હોય છે ફરીયાદપક્ષે જે મુજબ આરોપી વિરૂદ્ધ આક્ષેપ કરેલ હોય તે પુરવાર કરવાની જવાબદારી ફરીયાપક્ષની છે તે કેસના કોઈપણ તબક્કે ઓછી થતી નથી ફોજદારી કેસની કાર્યવાહીનો પ્રારંભ આરોપી નિર્દોષ છે તેવા અનુમાન સાથે કરવામાં આવે છે અને બચાવ પક્ષ તરફથી વિશિષ્ટ પ્રકારનો બચાવ લેવામાં આવેલ ન હોય તેવા સંજોગોમાં ફરીયાદપક્ષના પુરાવા પરથી ઉપસ્થિત થતી વ્યાજબી શંકાનો લાભ આરોપીને મળે છે.

(૧૦) આ કામે આંક–૨૦ થી રજુ સ્થાનિક જગ્યાનું પંચનામુ પુરવાર કરવા ફરીયાદપક્ષે આંક–૧૯ થી તપાસેલ પંચસાહેદ વિનોદભાઈ કરશનભાઈનાઓએ તથા આંક–૨૧ થી તપાસેલ પંચસાહેદ ઈકબાલ વલીભાઈનાઓએ તેમની સરતપાસમાં આંક–૨૦ થી રજુ સ્થાનિક જગ્યાના પંચનામાની કોઈ હકીકતોને સમર્થન કરેલ નથી. સદર પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી.શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી.શ્રીએ સદર પંચસાહેદોની ઉલટતપાસ કરવા છતાં આંક–૨૦ થી રજુ સ્થાનિક જગ્યાના પંચનામાને અગર તો ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સદર પંચસાહેદોના પુરાવાથી આંક–૨૦ થી રજુ સ્થાનિક જગ્યાનુ પંચનામુ પુરવાર થયાનું માની શકાય તેમ નથી.

(૧૧) આ કામના ફરિયાદી દાદુભાઈ ભાણાભાઈએ જે ફરિયાદ આપેલી તે લગત તેઓની જુબાની તા.૧૧.૦૯.૨૦૧૮ ના રોજ આંક–૨૨ થી લેવામા આવેલ જેની સરતપાસ વંચાણે લેવી સદર કામે ખુબ જ અગત્યની બની જાય છે જે નીચે મુજબ છે.

"બનાવ સને–૨૦૧૬ માં બનેલો તેની તારીખ યાદ નથી. બનાવ ઉમરકોટ ગામે ભાદર કાંઠા પાસે આવેલ વાડીની અંદર

બનાવ બનેલો સાંજનાં પાંચ વાગ્યે બનેલો. બનાવમા મારા પાડોશી આરોપી જયેશભાઈ અમારા બંન્નેના સંયુકત શેઢામાં ખડ વાઢતો હતો ત્યારે મે તેઓને કહેલુ કે અડધુ તું તારુ વાઢજે અને હું મારૂ અડધુ વાઢીશ આથી તે ગાળો બોલવા લાગેલો. મે ગાળો આપવાની ના પાડતા હાથમાં દાતરડુ લઈને મને ડાબા હાથના આંગળી ઉપર મારેલુ પછી તેના ભાઈઓ પાછળથી ધોકા લઈને આવેલા અને અમે ધોરાજી ભાગી આવેલા. મને ઈજા થયેલ અંગેની ધોરાજી સરકારી દવાખાને સારવાર લીધેલી અને વધુ સારવાર માટે જુનાગઢ ગયેલા. બનાવની ફરિયાદ મે જુનાગઢ સારવાર દરમ્યાન મે હોસ્પીટલમાં આપેલી અને ત્યાંથી આવ્યા બાદ હુ પોલીસ સ્ટેશને ગયેલો અને ફરિયાદ આપેલી. અસલ ફરિયાદમાં મારી અંગુઠાનુ નિશાન છે જે રજુ દા.આં. ૨૩ આપવામાં આવે છે. મને માર મારવાનુ કારણ ખડ વાઢવા બાબતે મને કહેતા તે છે. આરોપીને જોયે ઓળખી શકુ જે આજરોજ કોર્ટમા હાજર નથી."

ઉપરોકત ફરિયાદીની જો સરતપાસ વંચાણે લેવામાં આવે તો ફરિયાદી સ્પષ્ટપણે ત્રણથી પણ વધારે વખત જણાવે છે કે બનાવ સને-૨૦૧૬ ની સાલમા સાંજના પાંચ વાગ્યે ઉમરકોટ ગામે ભાદર કાઠા પાસે આવેલ વાડીની અંદર બનેલો જેમા તેઓનો પાડોશી એટલે કે આ કામના આરોપી જયેશભાઈ સંયુકત શેઢામાં ખડ વાઢતો હતો ત્યારે ફરિયાદીએ આરોપીને એવું કહેલુ કે તું તારૂ વાઢજે અને હું મારૂ વાઢીશ. ફરિયાદીએ આવુ બોલતા તે સમયે આરોપી ગાળો બોલવા લાગેલો અને જયારે ફરિયાદીએ આરોપીને ગાળો આપવાની ના પાડેલી ત્યારે આરોપી હાથમાં દાતરડુ લઈને આવેલા અને ફરિયાદીના ડાબા હાથના આંગળી ઉપર મારેલુ અને ત્યારબાદ આરોપીના ભાઈઓ પાછળથી ધોકા લઈને આવેલા અને ફરિયાદીના કથન મુજબ તેઓ ધોરાજી મુકામે ભાગી ગયેલા. વધુમાં ફરિયાદીની ઉપરોકત સરતપાસ વંચાણે લેતાં એવુ પણ જણાય છે કે, ફરિયાદીએ

તેઓને થયેલ ઈજા અંગે ધોરાજી સરકારી દવાખાને સારવાર લીધેલી અને વધુ સારવાર માટે તેઓ જુનાગઢ ગયેલા જ્યાં જુનાગઢ મુકામે સારવાર દરમ્યાન હોસ્પીટલમાં ફરિયાદીએ ફરિયાદ આપેલી અને ત્યાથી આવ્યા બાદ તેઓ પોલીસ સ્ટેશને ગયેલા જ્યાં પણ ફરિયાદ આપેલી. આ કામના ફરિયાદીએ આંક–૨૩ થી રજુ થયેલ અસલ ફરિયાદમાં તેઓના અંગુઠાનુ નિશાન ઓળખી બતાવેલ છે અને આરોપીને ઓળખી બતાવી શકે તેમ હોવાનુ પણ જણાવે છે અને બનાવનુ કારણ ખડ વાઢવા બાબતે બનેલ હોવાનું જણાવે છે.

આરોપીના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ ફરિયાદીની વિગતવારની ઉલટતપાસ કરેલ છે જેમા ફરિયાદીએ પોતાની ઉલટતપાસમા નીચે મુજબની હકીકત જણાવેલ છે.

“એ વાત ખરી નથી કે, મે ફરિયાદમા એવુ લખાવેલ નથી અને પ્રથમવાર કોર્ટમાં એવુ જણાવુ છુ કે, "પછી તેના ભાઈઓ પાછળથી ધોકા લઈને આવેલા અને અમે ધોરાજી ભાગી આવેલા.” એ વાત ખરી છે કે, ધોરાજી પોલીસે મારી પુછપરછ કરેલી. ફરિયાદ મે ત્રણ દીવસ પછી કરેલી. પહેલી ફરિયાદ જુનાગઢ પોલીસે અને બીજી ફરિયાદ ધોરાજી પોલીસે લીધેલી. એ વાત ખરી છે કે, મે ધોરાજી પોલીસને છ દિવસ મોડી ફરિયાદ આપી તેનુ કોઈ કારણ મે જણાવેલ નથી. એ વાત ખરી છે મારી અને આરોપીની ખેતીનો શેઢો સહીયારો છે. એ વાત ખરી નથી કે, આરોપી એની માલીકીની ખેતીની જમીનમાં ખડ વાઢતા હતા પરંતુ અમોએ ઝઘડો કરેલ અને પડી જતા મને ઈજા થયેલ. એ વાત ખરી નથી કે, આરોપીએ મને કોઈ દાતરડુ મારેલ નથી તેમજ કોઈ ગાળો આપેલ નથી. એ વાત ખરી નથી કે, મારે અને આરોપીને શેઢા બાબતે તકરાર હોય જેથી મે આ ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી છે કે, ધોરાજી પોલીસે મારૂ નામ અને સરનામુ

પુછીને મને સહી કરવાનુ કહેતા મે સહી કરેલી. એ વાત ખરી નથી કે, શેઢાનુ ખડ વાઢતો હતો અને તેમા લાગી ગયેલુ છતા આરોપી સાથે વાંધો હોય જેથી આ ખોટી ફરિયાદ કરેલી છે. એ વાત ખરી છે કે, આરોપી સાથે શેઢા બાબતે અમારે ઘણા સમયથી વાંધો ચાલે છે."

આ કામના ફરિયાદીની વિગતવારની ઉલટતપાસની છણાવટ કરવામાં આવે તો, અત્રેની અદાલતના રેકર્ડ પર એવી હકીકત આવેલ છે કે, આ કામનો બનાવ બનેલો છે અને ધોરાજી પોલીસે જે તે વખતે ફરિયાદીની પુછપરછ કરેલી જે ફરિયાદ ત્રણ દીવસ પછી કરવામા આવેલી જેમા પહેલી ફરિયાદ જુનાગઢ પોલીસે અને બીજી ફરિયાદ ધોરાજી પોલીસે લીધેલી. ફરિયાદીએ સ્પષ્ટરીતે ઉલટતપાસમા એ હકીકત પણ કબુલ રાખેલ છે કે, ધોરાજી પોલીસને છ દીવસ મોડી ફરિયાદ તેઓ તરફે આપવામા આવેલી જેમા તેનુ કોઈ કારણ જણાવવામા આવેલ નથી. ફરિયાદીના કથન મુજબ તેઓનો અને આરોપીનો ખેતરનો શેઢો સહીયારો છે અને બનાવ બાબતે ધોરાજી પોલીસે તેઓનુ નામ સરનામુ પુછી લઈ સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરી આપેલી અને તે હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આરોપી સાથે તેઓને શેઢા બાબતે ઘણા સમયથી વાંધો ચાલી આવેલ છે. ફરિયાદીએ અમુક હકીકતોનુ ખંડન કરેલુ છે જે હકીકત જોવામા આવે તો તે આરોપી તેની માલિકીની ખેતીની જમીનમાં ખડ વાઢતા હતાં, પરંતુ ફરિયાદીએ ઝઘડો કરેલ અને પડી જતા તેઓને ઈજા થયેલ તેમજ આરોપીએ તેઓને કોઈ દાતરડુ મારેલ નથી અને કોઈ ગાળો આપેલ નથી અને શેઢાનું ખડ વાઢતા હતાં અને તેમા ફરિયાદીને લાગી ગયેલુ છતા આરોપી સાથે વાંધો હોય જેથી તેઓએ ખોટી ફરિયાદ દાખલ કરેલ. ફરિયાદીના આરોપી સાથે શેઢા બાબતે તકરાર હોવાના કારણે તેઓએ ખોટી ફરિયાદ કરેલી છે. આમ

આરોપીના વિદ્વાન વકીલશ્રી એવી કોઈ મહત્વની હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી કે આરોપી અને ફરિયાદી વચ્ચે જે તે સમયે, જગ્યાએ અને તારીખે આવો કોઈ બનાવ ઉપરોકત કારણો પર બનેલ ન હતો. ફરિયાદીનુ સરતપાસનુ કથન વંચાણે લઈએ તેમજ આરોપી તરફે કરવામાં આવેલ ફરિયાદીની ઉલટતપાસ વંચાણે લઈએ તો અત્રેની અદાલતના રેકર્ડ પર સ્પષ્ટપણે એ હકીકત આવેલ છે કે, સદર કામનો બનાવ બનેલો છે અને આ કામના ફરિયાદી સદર કામે ભોગ બનનાર તેમજ ઈજા પામનાર હોવાનું પણ અત્રેની અદાલતને સ્પષ્ટપણે જણાય છે.

(૧૨) ફરિયાદપક્ષે આ કામના ફરિયાદીના પત્નિ સાહેદ દીલુબેન દાદુભાઈ સરવૈયાને આંક–૨૯ થી તપાસવામાં આવેલ છે જેઓની વિગતવારની સરતપાસ નીચે મુજબ છે.

“ફરિયાદી મારા પતિ થાય છે. બનાવ ચોક્કસ કઈ તારીખે બનેલો તે મને હાલ યાદ નથી પણ અંદાજે બે વર્ષ પહેલા ઉમરકોટ ગામના અમારા ખેતરના શેઢે બપોરના ચાર સાડા ચાર વાગ્યાના સુમારે બનેલ. આ અમારા ખેતરનો શેઢો સહીયારો હતો જે અમારા અને જયેશભાઈ ભીખાભાઈનો હતો અને બનાવ સ્થળે અને સમયે જયેશભાઈ ભીખાભાઈ શેઢો વાઢવા માટે આવેલા એટલે અમે એમ કીધેલુ કે, તમે તમારા ભાગનો શેઢો વાઢો જે મે કીધેલુ. જેથી જયેશભાઈએ મને ગાળ કાઢી અને કહ્યું કે, “તારા બાપનુ નથી" અને એવુ પણ કીધેલુ કે, "તારે જેને કહેવુ હોય તેને કહી દે જે હું વાઢવાનો" આથી એ ધરાર વાઢવા માટે આવેલા આથી હું દાતરડુ જટવા ગઈ તો મને મારી દીધેલુ. જયેશભાઈએ મને દાતરડુ પડખામાં મારેલુ. જયારે બીજા દાતરડાનો ઘા કરવા જતા મારા ઘરવાળા આવી જતા દાતરડુ તેને હાથની આંગળીમા લાગી ગયેલુ પછી અમે સીધા સરકારી દવાખાને ગયેલા. મને

મારનાર જયેશભાઈને હું ઓળખી શકુ જે કોર્ટમાં હાજર નથી. (આરોપીનો મુક્તિ રીપોર્ટ રજુ છે અને ઓળખની બચાવપક્ષે તકરાર નથી.) ફરિયાદ અમે તે દિવસે જ કરેલી પણ તેથી બાર દિવસ બાદ પોલીસે ફરી બોલાવેલા."

ઉપરોકત સાહેદની જુબાનીની સરતપાસની હકીકત વંચાણે લઈએ તો સાહેદ દીલુબેન સ્પષ્ટરીતે જણાવે છે કે, આ કામનો બનાવ બનેલો હતો અને બનાવ બનવાનુ કારણ શેઢા વાઢવા બાબતની જ હતી અને બનાવ વખતે આ કામના આરોપી જયેશભાઈએ તેઓના ભાગનો શેઢો વાઢવા કહેતા તેઓ ધરાર વાઢવા માટે આવી ગયેલા અને પોતાની સાથે દાતરડુ લઈને આવેલા. જેથી દીલુબેન તે દાતરડુ જટવા ગયા ત્યારે આરોપી જયેશભાઈએ તે દાતરડુ દીલુબેનના પડખામાં મારેલુ અને તે સમયે દીલુબેનના ઘરવાળા એટલે કે આ કામના ફરિયાદી આવી જતા અને આરોપી તરફે દાતરડાનો બીજો ઘા કરવામા આવતા તે ફરિયાદીના હાથની આંગળીમાં લાગી ગયેલ જેથી બંન્ને ભોગ બનનાર સીધા સરકારી દવાખાને ગયેલા અને બનાવ બાબતની ફરિયાદ તે જ દિવસે પોલીસને કરેલી, પરંતુ પોલીસે તેઓને બાર દીવસ બાદ બોલાવેલા. દીલુબેને પોતાની સરતપાસમાં એવુ પણ જણાવેલ છે કે, તેઓ આરોપીને ઓળખી શકે છે કે જેઓ જે તે વખતે કોર્ટમા હાજર ન હતા અને બચાવપક્ષે આરોપીને ઓળખ અંગેની કોઈ તકરાર લીધેલ નથી.

આરોપીના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ સાહેદની વિગતવારની ઉલટતપાસ કરેલ છે જેમા સાહેદએ પોતાની ઉલટતપાસમા નીચે મુજબની હકીકત જણાવેલ છે.

"જયેશ ભીખા કુટુંબી ભાઈ થાય છે. એ વાત ખરી છે કે, સહીયારા પાળા બાબતે અમારે વર્ષોથી તકરારો ચાલે છે. એ વાત ખરી છે કે, "જેથી જયેશભાઈએ મને ગાળો કાઢી અને

કહ્યુ કે, "તારા બાપનુ નથી" અને એવુ પણ કીધેલુ કે, "તારે જેને કહેવુ હોય તેને કહી દે હું વાઢવાનો" આથી એ ધરાર વાઢવા માટે આવેલા આથી હું દાતરડુ જટવા ગઈ." ની હકીકત મે પોલીસને લખાવેલ નહી પણ આજ પ્રથમવાર કોર્ટમા જણાવુ છું. એ વાત ખરી છે કે, પોલીસે મારી કોઈ પુછપરછ કરેલ નથી. એ વાત ખરી નથી કે, મને અને મારા પતિને આરોપીએ કોઈ દાતરડાથી માર મારેલ નથી. એ વાત ખરી છે કે, જયેશભાઈ અમારા કુટુંબી ભાઈ થતા હોય જેથી હું તેને ઓળખુ છુ. બનાવની ફરિયાદ મે તે દીવસે જ કરેલી પણ પોલીસે સંભાળેલ નહી. એ વાત ખરી નથી કે, આવો કોઈ બનાવ બનેલ જ નથી જેથી પોલીસે મારી કોઈ ફરિયાદ લીધેલી નહી. એ વાત ખરી નથી કે, મને આરોપીએ કોઈ દાતરડુ મારેલ જ નથી પરંતુ ખડ વાઢતા વાઢતા મને અચાનક ઝપાઝપીમા લાગી ગયેલુ. એ વાત ખરી નથી કે, અણારે આરોપી સાથે શેઢા બાબતે તકરાર ચાલતી હોવાથી મે અને મારા પતિએ આરોપી સામે ખોટી ફરિયાદ લખાવેલ છે."

ઉપરોકત સાહેદ દીલુબેનની બચાવપક્ષના વિ.વ.શ્રી એચ.પી. માલવીએ કરેલ ઉલટતપાસ વંચાણે લઈએ તો, તેમાં આરોપી જયેશભાઈ તેઓના કુટુંબી ભાઈ થતા હોવાનુ તેમજ તેઓના આરોપી સાથે સહીયારા પાળા બાબતે ઘણા વર્ષોથી તકરારો ચાલી આવેલ હોવાનુ રેકર્ડ પર આવે છે. આ સાક્ષી એવુ પણ જણાવે છે કે, તેની સરતપાસમાં દાતરડુ જટવા બાબતની જે હકીકત તેઓએ લખાવેલી છે તે પ્રથમવાર કોર્ટમા જણાવે છે અને બનાવની ફરિયાદ તેઓએ તે જ દીવસે પોલીસને કરેલી પણ પોલીસે સાંભળેલ નહી. આમ, બચાવપક્ષે બનાવની હકીકતોને ખંડન કરતો કોઈપણ સકારાત્મક પુરાવો રેકર્ડ પર લાવી શકેલ નથી અને ઉપરોકત

સાહેદ ફરિયાદીની ફરિયાદ હકીકત તેમજ બનાવ બનેલને સ્પષ્ટ રીતે સમર્થન કરતા હોવાનુ પણ અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ છે. જયારે ફરિયાદી અને તેઓના પત્નિ એટલે કે આ કામના સાક્ષી દીલુબેન એવુ જણાવતા હોય કે પોલીસે તેઓને સાંભળેલ નથી અને ફરિયાદ મોડી લેવામા આવેલ છે તો તે ક્ષતિના કારણે સંપુર્ણ ફરિયાદપક્ષનો કેસ ન માનવા માટે કોઈ કારણ અત્રેની અદાલત સમક્ષ ઉપસ્થિત થતુ નથી કારણ કે, ત્યારબાદ પોલીસે સંપુર્ણરીતે તપાસ કરી અને આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ અત્રેની અદાલતમા રજુ રાખેલ છે.

(૧૩) આ કામે આંક-૩૧ થી રજુ અટક પંચનામુ પુરવાર કરવા ફરીયાદપક્ષે આંક-૩૦ થી તપાસેલ પંચસાહેદ જગદીશભાઈ ભાણાભાઈ સરવૈયાનાઓએ તથા આંક-૩૩ થી તપાસેલ પંચસાહેદ કાળુભાઈ રાઘવજીભાઈનાઓએ તેમની સરતપાસમાં આંક-૩૧ થી રજુ અટક પંચનામાની કોઈ હકીકતોને સમર્થન કરેલ નથી. સદર પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઈલ જાહેર કરી વિ.એ.પી.પી. શ્રીને તેઓની ઉલટતપાસ કરવા પરવાનગી આપતા વિ.એ.પી.પી. શ્રીએ સદર પંચસાહેદોની ઉલટતપાસ કરવા છતાં આંક-૩૧ થી રજુ અટક પંચનામાને અગર તો ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકીકત જણાવેલ નથી. આમ, સદર પંચસાહેદોના પુરાવાથી આંક-૩૧ થી રજુ અટક પંચનામુ પુરવાર થયાનું માની શકાય તેમ નથી.

(૧૪) સદર કામે ફરીયાદપક્ષે સાહેદ મનોજભાઈ કાળુભાઈ સરવૈયાનાઓને આંક-૩૨ થી તપાસવામાં આવેલ છે જેઓએ તેમની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીની સરતપાસમાં મુખ્યત્વે એવી હકીકત જણાવેલ છે કે, ફરિયાદી તેઓના કુટુંબી ભાઈ થાય છે જયારે આરોપી તેઓના ગામના હોય તેથી ઓળખે છે. બનાવ ચોક્કસ કઈ તારીખે બનેલો તે તેઓને ખબર નથી.

બનાવ ક્યાં, શું બનેલ તેની પણ તેઓને ખબર નથી. બનાવ વિશે તેઓ કાંઈ જાણતા નથી. સદર સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકત મુજબનો કે ફરીયાદ હકીકત મુજબનો લેશમાત્ર પુરાવો આપતાં નથી. જેથી સદર સાહેદને હોસ્ટાઈલ જાહેર કરેલ છે.

ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રીએ કરેલ સાહેદની ઉલટતપાસમાં ફરીયાદની હકીકતોને કે ફરિયાદપક્ષના કેસની હકીકતોને સમર્થન કરતી કોઈ હકીકતો જણાવેલ નથી. જ્યારે આરોપી તરફે તેમના વિ.વ.શ્રી એચ.પી.માલવી દ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે, દાદુ ભાણા તથા તેઓની પત્નિને ઘાસ કાપતા દાતરડુ લાગી ગયેલ તે હકીકતની તેઓને ખબર નથી. આમ, સદર સાહેદ ફરિયાપક્ષની મહત્વની હકીકતોને સમર્થન કરતા હોવાનું જણાતુ નથી.

(૧૫) વધુમાં, ફરિયાદપક્ષે ફરિયાદી તેમજ દીલુબેનના પુત્ર રાહુલ દાદુભાઈને સાક્ષી તરીકે આંક-૩૬ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ પોતાની સરતપાસમાં નીચે મુજબ જણાવેલ છે.

"મને બનાવની તારીખ યાદ નથી પણ સાંજે સાડા ચારની આસપાસ અમારા શેઢા પાસે પડોશી જયેશ ભીખા તથા મારા માતા-પિતા સાથે બોલાચાલી કરતા હતા અને જયેશ ભીખાએ મારા માતા-પિતાને દાતરડાના ઘા મારેલા. પછી મારા માતા-પિતા કેસ કરવા ગયેલા. તેથી વિશેષ કાંઈ બનેલ નથી."

આરોપીના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ સાહેદની વિગતવારની ઉલટતપાસ કરેલ છે જેમા સાહેદએ પોતાની ઉલટતપાસમા નીચે મુજબ જણાવેલ છે.

"એ વાત ખરી નથી કે, બનાવ વખતે હું ત્યા હાજર હતો. એ વાત ખરી છે કે, બનાવ વખતે હુ બાજુના ખેતરમા આ બાજુ

તરફ હતો. એ વાત ખરી છે કે, બનાવ વખતે બુમાબુમ થયેલી. એ વાત ખરી નથી કે, મારા મમ્મી–પપ્પા ખડ વાઢતા હતા. એ વાત ખરી છે કે, આ શેઢો બંન્નેનો સહીયારો છે. એ વાત ખરી છે કે, આ શેઢા બાબતે ઘણા સમયથી માથાકુટ ચાલે છે. એ વાત ખરી નથી કે, જયેશ ભીખાએ મારા માતા–પિતાને કોઈ દાતરડુ મારેલ નથી. એ વાત ખરી નથી કે, મારા મમ્મી–પ્પપાને મદદ કરવા ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે, ઘાસની કીનારીઓ ધારદાર હોય છે ત્યા અચાનક આડો અવળો હાથ વાગી જાય તો ત્યા લોહીનો ટશરો ફુટી શકે."

ઉપરોકત સાહેદ રાહુલ દાદુભાઈની જુબાની વંચાણે લઈએ તો તેઓએ તેમા સ્પષ્ટરીતે જણાવેલ છે કે, બનાવ વખતે આરોપી જયેશ ભીખા તેઓના માતા–પિતા સાથે બોલાચાલી કરતા હતા અને આરોપીએ તેઓના માતા–પિતાને દાતરડાના ઘા મારેલા જેથી તેઓના માતા–પિતા કેસ કરવા ગયેલા. ઉપરોકત સાહેદની બચાવપક્ષે વિગતવારની ઉલટતપાસ કરવામા આવેલ છે પરંતુ સાહેદે તેઓના માતા–પિતા સાથે બનેલ બનાવને સ્પષ્ટરીતે સમર્થન કરેલ છે અને અન્ય કોઈ હકીકત રેકર્ડ પર જણાવેલ નથી. જેથી અત્રેની અદાલત એવુ માની શકે કે બચાવપક્ષ ઉપરોકત સાહેદની જુબાનીને ખંડન કરતો કોઈપણ જાતનો પુરાવો રેકર્ડ પર રજુ રાખી શકેલ નથી.

(૧૬) ફરિયાદપક્ષે આંક–૪૩ થી ફરિયાદી તેમજ તેઓના પત્નિને સારવાર આપનાર ડોકટરશ્રી દીનેશકુમાર મોહનલાલ ડઢાણીયાને તપાસવામા આવેલ છે જેઓએ પોતાની સરતપાસમાં નીચે મુજબ જણાવેલ છે.

"તા.૨૮.૦૮.૨૦૧૬ ના રોજ હું મેડીકલ ઓફીસર તરીકે

સિવિલ હોસ્પીટલ જુનાગઢ ખાતે ફરજ બજાવતો હતો ત્યારે નામે દાદુભાઈ ભાણાભાઈ ઉ.વ.૪૫ પ્રાથમિક સારવાર સિવિલ હોસ્પીટલ ધોરાજીથી લઈ તેમની રીફર નોંટ સાથે સાંજના ૬.૪૦ વાગ્યે જયેશભાઈ ભીખાભાઈએ દાતરડાથી મારેલ છે તેવુ હીસ્ટ્રીમા જણાવેલ. આથી તેમને અંદરના દર્દી તરીકે હાડકાના વોર્ડમાં દાખલ કરેલ તેને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ.

૧.જમણા હાથની ટચલી આંગળીની બાજુની આંગળીમા છેવાડાના ભાગે બે સે.મી. બાય પોણા સી.મી. એક કચડાયેલો છુદાયેલો ભાગ સ્નાયુ સુધીનો હતો. તા.૨૯.૦૮.૨૦૧૬ ના રોજ તેના હાથનો નં.૨૮૪૫૦ થી એક્ષરે લેતા રેડીયોલોજીસ્ટના અભીપ્રાય મુજબ તેમા કોઈ અસ્થી ભંગ માલુમ પડેલ નહી. ઉપરોકત દર્દીને તા.૨૯.૦૮.૨૦૧૬ ના રોજ સાંજના ૦૬.૦૦ વાગ્યે વોર્ડમાથી રજા આપવામા આવેલ.

ઉપરોકત ઈજાને સારુ થતા પાંચથી સાત દિવસ લાગે જો કોઈ કોમ્પલીકેશન ઉભા ન થાય તો. ઉપરોકત દર્દીએ પ્રાથમિક સારવાર ધોરાજી લીધેલ હોય ઉપરોકત ઈજા શેનાથી સંભવી શકે તેનો અભીપ્રાય આપેલ નથી. ઉપરોકત ઈજાનુ સર્ટીફીકેટ મારા હસ્તાક્ષરમા તથા મારી સહી છે જે હું અસલ રજુ કરૂ છુ જેને રજુ દાખલ આંક–૪૪ આપવામા આવે છે ઉપર મુજબની ઈજાઓ બોથડ પદાર્થથી સંભવી શકે પરંતુ તીક્ષ્ણ હથીયારથી સંભવી ન શકે."

આરોપીના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ ડોકટર સાહેદની ઉલટતપાસ કરેલ છે જેમા સાહેદએ પોતાની ઉલટતપાસમા નીચે મુજબ જણાવેલ છે.

"એ વાત ખરી છે કે, આ ઈજા સામાન્ય પ્રકારની હતી. એ

વાત ખરી છે કે, કોઈ બારણામા ચપટી આવી જાય તો પણ આ પ્રકારની ઈજા થઈ શકે."

ઉપરોકત ડૉકટરશ્રીએ સ્પષ્ટરીતે તેઓ તરફે રજુ કરેલ આંક-૪૪ વાળુ ઈજા અંગેનુ તબીબી પ્રમાણપત્ર તેમજ તેઓની જુબાની વંચાણે લેતા જણાય આવે છે કે, બનાવના દીવસે તેઓ જુનાગઢ સીવીલ હોસ્પીટલમા મેડીકલ ઓફીસર તરીકે ફરજ પર હતા તે દરમ્યાન આ કામના ફરિયાદી પ્રાથમિક સારવાર સિવિલ હોસ્પીટલ ધોરાજીથી લઈ તેમની રીફર નોટ સાથે સાંજના ૬ઃ૪૦ વાગ્યાના સુમારે જયેશભાઈ ભીખાભાઈએ તેઓને દાતરડાથી મારેલ તેવુ હીસ્ટ્રીમાં જણાવેલ જેથી ડોકટરશ્રીએ તેઓના અંદરના દર્દી તરીકે હાડકાના વોર્ડમાં દાખલ કરેલ જેમા જમણા હાથની ટચલી આંગળીની બાજુની આંગળીમાં છેવાડાના ભાગે બે સે.મી. બાય પોણા સી.મી. એક કચડાયેલો છુંદાયેલો ભાગ સ્નાયુ સુધીનો હોવાનુ માલુમ પડેલ અને રેડીયોલોજીસ્ટના અભિપ્રાય મુજબ તેમા કોઈ અસ્થી ભંગ હોવાનું માલુમ પડેલ નહી. વધુમા, તેઓએ જણાવેલ છે કે ઉપર મુજબની ઈજાઓ બોથડ પદાર્થથી સંભવી શકે પરંતુ તીક્ષ્ણ હથીયારથી સંભવી ન શકે અને તે ઈજાને સારૂ થતા પાંચ થી સાત દીવસ લાગે જો કોઈ કોમ્પ્લીકેશન ઉભા ન થાય તો. ડોકટર સાહેબની બચાવપક્ષે કોઈ વિગતવારની ઉલટતપાસ કરેલ નથી અને બનાવવાળી ઈજાઓ બનાવ વખતે ન બની અને અન્ય કોઈ કામથી બનેલ તેવી કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

હાલના કામે આંક-૪૪ થી રજુ થયેલ ઈજા અંગેનુ તબીબી પ્રમાણપત્ર તેમજ આંક-૪૩ થી તપાસેલ ડૉકટર દીનેશકુમાર મોહનલાલ ડઢાણીયાની જુબાની વંચાણે લેતા અત્રેની અદાલતને એવુ સ્પષ્ટપણે જણાય છે કે, આ કામના ફરિયાદી એટલે કે દાદુભાઈએ તા.૨૮.૦૮.૨૦૧૬ ના રોજ

જુનાગઢ સિવિલ હોસ્પીટલમાં બનાવની ઈજાઓ અંગે સારવાર લીધેલ અને હીસ્ટ્રીમાં એવુ સ્પષ્ટપણે લખાવેલ છે કે, તેઓ પર એસોલ્ટ કરવામા આવેલ છે અને આ કામની ઈજાઓ જયેશભાઈએ દાતરડાથી કરેલ છે.

(૧૭)ફરિયાદપક્ષે આંક–૪૬ થી ત.ક.અ. વિજયભાઈ નાગજીભાઈ ચાવડાને તપાસવામા આવેલ છે જેઓએ પોતાની સરતપાસમાં નીચે મુજબ જણાવેલ છે.

"તા.૨૮.૮.૧૬ ના રોજ અમો પો.સ્ટે.મા હતા ત્યારે પો.સ્ટે. ઓફીસરશ્રીએ ધોરાજી સરકારી હોસ્પીટલની એમ.એલ.સી. યાદીની નોંધ કરી અમોને આપેલ જે કામે સરકારી હોસ્પીટલમા જતા ભોગ બનનાર જુનાગઢ સરકારી હોસ્પીટલમા રીફર થયેલ હોય જે કાગળો ધોરાજી પો.સ્ટે.માં આવતા સદરહુ કામે અમોએ ભોગ બનનાર ફરિયાદ લઈ તા.૦૩.૦૯.૨૦૧૬ ના રોજ ગુન્હો રજી. કરાવેલ. પી.એસ.ઓ. શ્રીએ ગુન્હો રજી. કરી આ કામેની તપાસ અમોને સોપતા અમોએ સ્થાનિક જગ્યાનુ પંચનામુ, લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેમજ આરોપી રજુ થતા આરોપીનુ અટક પંચનામુ કરી આરોપીને અટક કરી કોર્ટમા રજુ કરી આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા કોર્ટમા ચાર્જશીટ રજુ કરેલ. આરોપીને જોઈએ ઓળખુ છુ. આરોપીનો આજરોજ મુકતી રીપોર્ટ રજુ છે."

આરોપીના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ ત.ક.અ.ની ઉલટતપાસ કરેલ છે જેમા ત.ક.અ.એ પોતાની ઉલટતપાસમા નીચે મુજબ જણાવેલ છે.

"એ વાત ખરી છે કે, પક્ષકારો વચ્ચે જે કાઈ તકરાર હતી તે શેઢાની તકરાર હોવાનું મારી તપાસમા ખુલેલુ. એ વાત ખરી છે કે, શેઢો પક્ષકારો વચ્ચે કોમન હોવાનુ મારી તપાસમા

ખુલેલુ. એ વાત ખરી નથી કે, મે વિનોદ કરશન અને ઈકબાલ વલીની મે તૈયાર પંચનામામા સહી લીધેલ એ વાત ખરી નથી કે, પંચ જગદીશ ભાણાભાઈ અને મનોજ કાળુભાઈની રૂબરૂમા કોઈ હથીચાર કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, જો કોઈને લાગ્યુ હોય અને લોહી નીકળેલ હોય કપડા પર પડેલ હોય તો તેવા કપડા કબ્જે કરવા પડે. એ વાત ખરી છે કે, મે આ કામે કોઈ કપડા કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, જો લોહી જમીન ઉપર પડ્યુ હોય તો તે લોહી વાળી માટી કબ્જે કરવી પડે. એ વાત ખરી છે કે, આ કામે કોઈ માટી કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે, ફરિયાદી અને આરોપી વચ્ચે સંયુકત શેઢા બાબતે ઘણા સમયથી મનદુખ હતુ એવુ મારી તપાસમા ખુલેલ છે. એ વાત ખરી છે કે, મને ફરિયાદી દાદુ ભાણાએ ફરિયાદમા એવુ લખાવેલ નહી કે, “પછી તના ભાઈઓ પાછળથી ધોકા લઈને આવેલા અને અમે ધોરાજી ભાગી આવેલા.” એ વાત ખરી છે કે, ફરિયાદ છ દિવસ મોડી આપ્યા બાબતનો કોઈ ખુલ્લાસો ફરિયાદીએ મને લખાવેલ નથી. એ વાત ખરી નથી કે, ફરિયાદીએ માત્ર ફરિયાદમા તેનુ નામ, સરનામુ લખાવેલ બીજી કોઈ વિગત લખાવેલ નથી અને ફરિયાદમાં સહી કરવાનુ કહેતા સહી કરી આપેલી. એ વાત ખરી છે કે, મે ફરિયાદીની પત્નીનુ નિવેદન લીધેલુ તેમા તેણીએ એવુ જણાવેલુ કે, “જયેસભાઈએ મને ગાળો કાઢી કહેલ કે, તારા બાપનુ નથી તારે જેને કહવુ હોય તેને કહી દેજે હુ વાઢવાનો આથી તે ધરાર વાઢવા માટે આવેલા હુ દાતરડુ જટવા ગઈ.” એ વાત ખરી નથી કે, મે દીલુબેન દાદુભાઈનુ કોઈ નિવેદન મે લીધેલ નથી. એ વાત ખરી નથી કે, ફરિયાદીના પુત્ર રાહુલ દાદુભાઈનુ મે કોઈ નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, મે ફરિયાદીના કુટુંબના સભ્યો સીવાય બીજા કોઈના નિવેદન લીધેલ નથી. એ વાત ખરી છે કે, બનાવવાળી

જગ્યાની આજુ બાજુ ઘણા ખાતેદાર ખેડુતોના ખેતરો આવેલા છે અને મે તેવા કોઈ ખાતેદાર ખેડુતના નીવેદનો આ કામે લીધેલ નથી. એ વાત ખરી નથી કે, આ ફરિયાદીને ખડ વાઢવા લાગી ગયેલ હોય, પક્ષકારો વચ્ચે લાંબા સમયથી શેઢાની તકરારો ચાલતી હોય, લાંબા સમય પછી આરોપી સામે કોઈ ગુન્હો બનતો ન હોવા છતા ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરેલ છે."

ઉપરોકત ત.ક.અ.ની જુબાની વંચાણે લઈએ તો તેઓએ તેમા સ્પષ્ટરીતે જણાવેલ છે કે, સદર કામનો બનાવ તા.૨૮.૦૮.૨૦૧૬ ના રોજ તેઓ પોલીસ સ્ટેશન ઓફીસર તરીકે હાજર હતા ત્યારે પો.સ્ટે. ઓફીસરે ધોરાજી સરકારી હોસ્પીટલની એમ.એલ.સી. યાદીની નોંધ કરી તેઓને આપેલ જે કામે સરકારી હોસ્પીટલમા જતા ભોગ બનનાર જુનાગઢ સરકારી હોસ્પીટલમા રીફર થયેલ હોય જે કાગળો ધોરાજી પો.સ્ટે.માં આવતા ત.ક.અ.એ ભોગ બનનારની ફરિયાદ લઈ તા.૦૩.૦૯.૨૦૧૬ ના રોજ ગુન્હો રજી. કરાવેલ. આ જ પી.એસ.ઓ. શ્રીએ ગુન્હો રજી. કરી આ કામની તપાસ ત.ક.અ.ને સોપતા તેઓએ સ્થાનિક જગ્યાનુ પંચનામુ કરી લાગતા વળગતા સાહેદોના નિવેદન લીધેલ તેમજ આરોપી રજુ થતા આરોપીનુ અટક પંચનામુ કરી આરોપીને અટક કરી કોર્ટમા રજુ કરેલ અને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા કોર્ટમા ચાર્જશીટ રજુ કરેલ. સદર કામે ત.ક.અ. આરોપીને જોયે ઓળખે છે. પરંતુ આરોપીનો મુકતી રીપોર્ટ હોય અને બચાવપક્ષે તે ઓળખ અંગેની કોઈ તકરાર લીધેલ નથી.

બચાવપક્ષે વિ.વ.શ્રી એચ.પી.માલવી દ્વારા ઉપરોકત ત.ક.અ.શ્રીની વિગતવાર ઉલટતપાસ કરવામા આવેલ છે અને તેઓની ઉલટતપાસના પુરાવાનુ મુલ્યાંકન

કરવામા આવે તો, અત્રેની કોર્ટના રેકર્ડ પર એ હકીકત આવેલ છે કે, પક્ષકારો વચ્ચે શેઢાની તકરાર હતી અને તે શેઢો પક્ષકારો વચ્ચે કોમન હોવાનુ પણ તપાસમા ખુલવા પામેલ છે. ત.ક.અ.શ્રીએ પોતાની ઉલટતપાસમાં કોઈ કપડા કબ્જે કરેલ નથી કે માટી કબ્જે કરેલ નથી તેમ કબુલ રાખેલ છે. જે આવા કેસોમાં ખરેખરમા કરવુ પડે જે સદર કામે થયેલ ન હોવાનુ રેકર્ડ પર આવેલ છે. પરંતુ નામદાર વડી અદાલત તેમજ ગુજરાત હાઈકોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લઈએ તો ત.ક.અ.શ્રીની ક્ષતીઓ ફરિયાદપક્ષના આખા બનાવને અસરકર્તા બની શકે નહી તેવુ ઠરાવવામા આવેલ છે. વધુમાં, સદર ત.ક.અ.શ્રીએ બનાવ બનેલ હોવાનુ તેઓની સરતપાસમા સ્પષ્ટપણે કબુલ રાખેલ છે અને બચાવપક્ષે બનાવ બન્યો નથી કે ઉપરોક્ત તપાસ સ્પષ્ટરીતે ખોટી છે તેવુ પુરવાર કરવા માટે ખંડનાત્મક કરતો કોઈપણ પ્રશ્ન ઉપરોક્ત સાહેદને પુછેલ નથી. જેથી અત્રેની અદાલત બચાવપક્ષને તેનો લાભ આપી ન શકે. વધુમાં, ઉપરોક્ત ત.ક.અ. ફરિયાદીના પત્નિએ જે હકીકત જણાવેલ તેમજ ફરિયાદીના પુત્રએ જે હકીકત જણાવેલ તે સરતપાસની હકીકતોને સંપુર્ણરીતે સમર્થન આપે છે. જેથી સદરહુ સાહેદની જુબાની તટસ્થ હોવાનુ પણ અત્રેની અદાલતને જણાય છે. વધુમાં, એવી હકીકત પણ જાહેર કરેલ છે કે, બંન્ને પક્ષો વચ્ચે ઘણા સમયથી શેઢા હેઠળ બાબતની તકરારો ચાલતી હતી અને તે લાંબા સમયથી ચાલતી હતી. પરંતુ કોઈપણ જાતની તકરાર ચાલતી હોય તો તેનુ પરિણામ ગુન્હાહીત કૃત્યમાં પરીવર્તન પામે તો જે આરોપી હોય તેને તે મુજબનો દંડ મળવો જોઈએ તેના માટે જ ઈન્ડીયન પીનલ કોડની રચના કરવામા આવેલ છે. જેથી શેઢા બાબતની તકરાર એક સિવિલ તકરાર છે એવુ માની લઈ જો બચાવપક્ષ તેનો લાભ લેવા માંગતા હોય તો

બચાવપક્ષને તેનો લાભ મળવાપાત્ર નથી તેવુ અત્રેની અદાલતને સ્પષ્ટરીતે જણાય આવે છે.

બચાવપક્ષે તચક.અ.શ્રીની ઉલટતપાસમા એક એવો પ્રશ્ન પણ ઉપસ્થિત કરેલો કે, પોલીસે ફરિયાદીના કુટુંબના સભ્યો સિવાય અન્ય બીજા કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી જે પ્રશ્નનો ઉતર હકારમાં આપવામા આવેલો પરંતુ, ક્યા સાક્ષીઓને નિવેદન માટે રાખવા જેથી પોલીસ તપાસ યોગ્ય દીશામા થાય તે નિર્ણયની સત્તા તપાસ કરનાર પોલીસ એજન્સીને ક્રીમીનલ પ્રોસીજર કોડથી આપવામા આવેલ છે. જેથી સદર કામના સાક્ષી ભલે એક જ કુટુંબના સભ્યો હોય પરંતુ તેનો બચાવ બચાવપક્ષને મળી ન શકે તેવુ અત્રેની અદાલતને જણાય છે અને આ જ ત.ક.અ.શ્રીએ એ સવાલનો જવાબ પણ હકારમા આપેલ છે કે ફરિયાદ છ દિવસ મોડી આપ્યાનો કોઈ ખુલાસો ફરિયાદીએ તેઓને લખાવેલ નથી જે અંગે ચર્ચા કરવામા આવે તો ફરિયાદી અને સાહેદોએ એવુ પણ જણાવેલ છે કે, તેઓ ફરિયાદ કરવા જે તે દિવસે જ ગયેલા પરંતુ પોલીસે તેઓની ફરિયાદ નોંધેલ નહી અને તેઓને પછી આવવવાનુ જણાવેલ. આમ જયારે સદર કામના ફરિયાદી અને તેના પત્નિ જાતે ઈજા પામનાર હોય અને બનાવવાળા દીવસે તેઓ ધોરાજી તેમજ જુનાગઢ હોસ્પીટલમા સારવાર લેવાની દોડધામમા હોય તેવા સંજોગોમાં તેમજ આંક-૪૪, આંક-૬૦, આંક-૬૧ વાળા તબીબી પ્રમાણપત્રો વંચાણે લેતા, તેઓની ઈજામાથી રીકવરી થવામા જયારે સાત થી ચૌદ દીવસ જેટલો સમય જાય તેમ હોય તેવા સંજોગો જોતા અત્રેની અદાલતનુ એવુ માનવુ છે કે, સદર કામની ફરિયાદ આપવામા મોડુ થઈ પણ શકે અને ઘણી વખત પોલીસ જે તે દિવસે ફરિયાદ નોંધતી નથી અને બે-ત્રણ દીવસની આંતરીક તપાસ કર્યા બાદ ગુન્હાની તપાસ નોંધતી હોય છે. જેથી સદર કામે તપાસ

કરવામા વિલંબ થયેલ છે તેવુ રેકર્ડ પર આવેલ છે. તો તેનો બચાવ પણ આરોપીને મળી શકે તેમ નથી.

(૧૮)ફરિયાદપક્ષે આંક–૫૯ થી ડોકટરશ્રી પ્રિયાંક રમેશચંદ્ર બગથરીયાને તપાસવામા આવેલ છે જેઓએ પોતાની સરતપાસમાં નીચે મુજબ જણાવેલ છે.

"હું સને–૨૦૧૬ ના અરસામાં સરકારી દવાખાના ધોરાજી ખાતે મેડીકલ ઓફીસર તરીકે ફરજ બજાવતો હતો તે દરમ્યાન ગત તા.૨૮.૦૮.૨૦૧૬ ના રોજ ઉમરકોટના રહીશ દાદુભાઈ ભાણુભાઈ સરવૈયા તથા દીલુબેન દાદુભાઈ સરવૈયાનાઓને મારામારીમા ઈજા થતા સાંજના ૦૬.૦૫ ના અરસામા મારી પાસે સારવાર લેવા આવેલા. જે પૈકી દાદુભાઈને પુછતા તેમના પત્નિ દીલુબેન દાદુભાઈ સરવૈયાએ જણાવેલ કે, તેઓને સાંજના ૦૫.૩૦ વાગ્યાના અરસામા તા.૦૮.૦૧.૨૦૧૬ ના રોજ ઉમરકોટ મુકામે ૧૧ પૈકી ફાર્મવાડી બાજુમાં આવેલ વાડીએ જયેશભાઈ ભીખાભાઈ સરવૈયા દ્વારા તિક્ષ્ણ હથીયાર દાતૈડા વડે માર મારવામા આવેલ છે. દર્દી દાદુભાઈનુ વાયટલ સામાન્ય હતુ જેઓને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ.

૧.કપાયેલ છુંદાયેલ ઘા જમણા હાથમા રીંગફીંગર(ત્રીજી અને ચોથી આંગળી) ની વચ્ચેના ભાગે જેની લંબાઈ ૧ સે.મી. જે ઈજા ત્રાસી હતી. સદર દર્દીને જરૂરી સારવાર આપી જુનાગઢ સિવિલ હોસ્પીટલમા રીફર કરેલ હતા. મારા મત પ્રમાણે સદર દર્દીને થયેલ ઈજા તિક્ષ્ણ અને ધારદાર હથીયાર દ્વારા થઈ શકે તેવી હતી અને જો કોઈ પ્રતિકુળ સંજોગો ઉભા ન થાય તો ચૌદ દીવસમાં રૂજ આવી શકે તેમ હતી. મે આ અંગે સારવારનુ પ્રમાણપત્ર આપેલ જે અસલ મને બતાવવામા આવે છે તેમા મારી સહી છે. જે અસલ પ્રમાણપત્ર રજુ દાખલ આંક–૬૦. તે જ દિવસે તે જ

સમયે દિલુબેન દાદુભાઈ સરવૈયા ઉ.વ.૩૬ ઉમરકોટનાઓને પણ તપાસેલા. દર્દીને પુછતા જણાવેલ કે, તેઓને સાંજના ૦૫.૩૦ વાગ્યાના અરસામાં તા.૦૮.૦૧.૨૦૧૬ ના ઉમરકોટ મુકામે ૧૧ પૈકી ફાર્મવાડીની બાજુમા આવેલ વાડીએ જયેશભાઈ ભીખાભાઈ સરવૈયા દ્વારા તિક્ષણ હથીયાર દાતૈડા વડે માર મારવામા આવેલ છે. સદર દર્દીના વાયટલ સામાન્ય હતા. દર્દીને તપાસતા નીચે મુજબની ઈજાઓ માલુમ પડેલ હતી. દર્દીને બંન્ને થાપાના ઉપરના ભાગે સહેજ ત્રાસા ખરોચના નિશાન હતા અને ત્યા લાલશ માલુમ પડતી હતી અને દર્દીને થયેલ ઈજાનુ માપ આશરે ૪ સે.મી. લંબાઈમાં હતુ અને સદર જગ્યાએ રકત સ્ત્રાવ થયેલાનુ માલુમ પડેલુ. સદર દર્દીને જરૂરી સારવાર આપી ડીસ્ચાર્જ કરેલા હતા. સદર દર્દીને થયેલ ઈજા તિક્ષણ હથીયાર વડે થઈ શકે તેમ હતી અને જો કોઈ પ્રતિકુળ સંજોગો ઉભા ન થાય તો સાત દીવસમાં રૂજ આવી શકે તેમ હતી. મે આ અંગે સારવારનુ પ્રમાણપત્ર આપેલ જે અસલ મને બતાવવામા આવે છે તેમા મારી સહી છે જે અસલ પ્રમાણપત્ર રજુ દાખલ આંક–૬૧."

આરોપીના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ સાહેદની ઉલટતપાસ કરેલ છે જેમા સાહેદે પોતાની ઉલટતપાસમા નીચે મુજબ જણાવેલ છે.

"એ વાત ખરી છે કે, મે આપેલ પ્રમાણપત્રમાં જે ઈજાઓ જણાવેલ છે તે સામાન્ય પ્રકારની છે. એ વાત ખરી છે કે, વાહન ઉપરથી પડી જવાથી ધારદાર પથ્થર લાગે તો સદર બંન્ને દર્દીને થયા મુજબની ઈજાઓ તઈ શકે. એ વાત ખરી છે કે, મેં ભુતકાળમાં સદર દર્દીઓને કોઈ રોગ હોવા અંગેની હીસ્ટ્રી લીધેલી નથી. એ વાત ખરી છે કે, મેં મારા પ્રમાણપત્રમાં જણાવેલઈજાઓ તાજી હતી કે કેમ તેનો ઉલ્લેખ

કરેલ નથી. "

ઉપરોકત સાહેદની સરતપાસ જો વંચાણે લઈએ તો, ઉપરોકત સાહેદ જણાવે છે કે, સરકારી દવાખાનુ, ધોરાજી ખાતે તેઓની ફરજ દરમ્યાન તા.૨૮.૮.૨૦૧૬ ના રોજ ઉમરકોટના રહીશ દાદુભાઈ ભાણુભાઈ સરવૈયા તથા દીલુબેન દાદુભાઈ સરવૈયાનાઓને મારામારીમા ઈજા થતા સાંજના ૦૬.૦૫ ના અરસામા તેઓ ડો.પ્રિયાંક પાસે સારવાર લેવા આવેલા જે પૈકી દાદુભાઈને પુછતા તેમના પત્નિ દીલુબેનએ જણાવેલ કે, તેઓને સાંજના ૦૫.૩૦ વાગ્યાના અરસામા તા.૦૮.૦૧.૨૦૧૬ ના રોજ ઉમરકોટ મુકામે ૧૧ પૈકી ફાર્મવાડી બાજુમાં આવેલ વાડીએ આ કામના આરોપી જયેશભાઈએ તિક્ષ્ણ હથીયાર દાતડડા વડે તેઓને માર મારવામા આવેલ. વધુમાં, તેઓએ જણાવેલ છે કે, દર્દી દાદુભાઈનુ વાયટલ સામાન્ય હતુ અને તપાસ કરતા ઈજા અંગે માલુમ પડેલ કે તેઓને સદર ઘા કપાયેલ છુંદાયેલ જમણા હાથમા ત્રીજી અને ચોથી આંગળીની વચ્ચેના ભાગે જેની લંબાઈ ૧ સે.મી. જે ઈજા ત્રાસી હતી અને સદર દર્દીને જરૂરી સારવાર આપી જુનાગઢ સિવિલ હોસ્પીટલમા રીફર કરેલ હતા. સદર સાહેદે પ્રતિકુળ સંજોગો ઉભા ન થાય તો સદર ઈજા ચૌદ દીવસમાં રૂજ આવી શકે તેમ હતી તેવુ જણાવેલ છે અને તે મુજબનુ સારવારનુ પ્રમાણપત્ર આ કામના ફરિયાદીને આંક-૬૦ થી આપેલ છે. જે વંચાણે લેતા, તેમા સ્પષ્ટપણે એવી હકીકત જણાય આવે છે કે,દાદુભાઈને સાંજના સાડા પાંચ વાગ્યે જયેશભાઈ સરવૈયાએ એસોલ્ટ ઈન્જરી કરી ઉપરોકત ઈજા પહોચાડેલ જે ઈજાઓ ચૌદ દિવસમાં રીકવર થઈ શકે તેવી હતી. જો કોઈ કોમ્પલીકેશન ઉભુ ન થાય તો અને ત્યારબાદ ધોરાજી સિવિલ હોસ્પીટલથી ફરિયાદીને જુનાગઢ સિવિલ હોસ્પીટલ ખાતે રીકવર કરવામા આવેલા.

ઉપરોકત સાહેદે એવુ પણ જણાવેલ છે કે, તે જ દીવસે તે જ સમયે ફરિયાદીના પત્નિ દીલુબેન દાદુભાઈ સરવૈયાને પુછતા તેઓએ જણાવેલ કે, સાંજના ૫.૩૦ વાગ્યાના અરસામાં તા.૦૮.૦૧.૨૦૧૬ ના ઉમરકોટ મુકામે ૧૧ પૈકી ફાર્મવાડીની બાજુમા આવેલ વાડીએ જયેશભાઈ ભીખાભાઈ સરવૈયાએ તિક્ષ્ણ હથીયાર દાતરડા વડે માર મારવામા આવેલ અને તે દર્દીની તપાસ કરતા તેઓના વાયટલ સામાન્ય હતા અને દર્દીને બંન્ને થાપાના ઉપરના ભાગે સહેજ ત્રાસા ખરોચના નિશાન હતા અને ત્યા લાલશ માલુમ પડતી હતી અને દર્દીને થયેલ ઈજાનુ માપ આશરે ૪ સે.મી. લંબાઈમાં હતુ અને સદર જગ્યાએ રકત સ્ત્રાવ થયેલાનુ માલુમ પડેલુ. દર્દીને જરૂરી સારવાર આપી ડીસ્ચાર્જ કરેલા હતા અને દર્દીને થયેલ તિક્ષ્ણ હથીયાર વડે ઈજા થઈ શકે તેમ હતી અને જો કોઈ પ્રતિકુળ સંજોગો ઉભા ન થાય તો સાત દીવસમાં રૂજ આવી શકે તેમ હતી. જે અંગેનુ અસલ સારવાર પ્રમાણપત્ર આપેલ જે તેઓ ઓળખી બતાવે છે જે સદર કામે આંક–૬૧ થી રજુ થયેલ છે. જે વંચાણે લેતા, ફરિયાદીના પત્નિને થયેલ એસોલ્ટ ઈજા જે તે જગ્યાએ અને આરોપી દ્વારા જે તે સમયે કરવામા આવેલ હોવાનુ ઉપરોકત ઈજાઓનુ સ્પષ્ટરીતે અત્રેની અદાલતને ફલિત થાય છે.

ઉપરોકત તબીબી અધિકારીની જુબાની ધ્યાને લેતા, જેમા ખાસ કરીને સરતપાસ વંચાણે લેતા, બનાવનો દીવસ તા.૦૮.૦૧.૨૦૧૬ બે વખત લખાઈ ગયેલ હોવાનુ જણાય છે. પરંતુ તે જ જુબાનીની સરતપાસની શરૂઆતમાં બનાવનો દીવસ તા.૨૮.૦૮.૨૦૧૬ નો દર્શાવેલ છે. આમ, સદર કામનુ સંપુર્ણ રેકર્ડ વંચાણે લેતા તેમજ ફરિયાદી અને તેના પત્નિ દીલુબેનની જુબાની વંચાણે લેતા, બનાવ તા.૨૮.૦૮.૨૦૧૬ ના રોજ બનેલ હોવાનુ રેકર્ડ પર આવેલ

છે. તેવા સંજોગોમાં ઉપરોકત તબીબી અધિકારીની જુબાનીમા જે બનાવની તા.૦૮.૦૧.૨૦૧૬ દર્શાવવામા આવેલ છે તેમા દીવસ અને મહીનામા શરતચુક થયેલ હોવાનુ અત્રેની અદાલતને જણાય છે અને તે એક ટાઈપોગ્રાફીકલ ભુલ હોવાનુ પણ અત્રેની અદાલતને જણાય છે. અત્રેની અદાલત એવુ પણ માને છે કે, સદર ટાઈપથી થયેલ ભુલનુ બચાવ અથવા ફાયદો બચાવપક્ષને મળી શકે તેમ નથી કારણ કે તે એક ફકત ટાઈપથી ઉદભવિત ભુલ છે અને સદરહુ કામ આશરે સાડા સાત વર્ષ જુનુ થયેલ છે અને રેકર્ડપણ બલ્કી છે જેથી સામાન્ય પ્રકારે આવી ભુલ બનવા પામતી હોય છે. જેનો બચાવ અથવા ગેરફાયદો બચાવપક્ષને કદાપી મળી શકે તેમ ન હોવાનુ અત્રેની અદાલતને જણાય છે.

બચાવપક્ષના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ ઉપરોકત સાહેદની ઉલટતપાસ કરેલ છે અને તે ઉલટતપાસ વંચાણે લેતા ફકત કાલ્પનિક સવાલો પુછેલ હોવાનુ અત્રેની અદાલતને જણાય છે. બચાવપક્ષે ઉપરોકત બનાવ ન બનેલ હોવાનુ કોઈપણ જાતનો ખંડન કરતો પુરાવો કે પ્રશ્ન સદર સાહેદને પુછીને ઉલટતપાસમાં રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૧૯)ફરિયાદપક્ષે આંક-૮૦ થી સાહેદ જયેશકુમાર હરસુખલાલ ટાંકનાઓને તપાસવામા આવેલ છે જેઓએ પોતાની સરતપાસમાં નીચે મુજબ જણાવેલ છે.

"હું છેલ્લા દોઢ વર્ષ ઉપરાંત થી ધોરાજી મામલતદાર કચેરીમાં કલાર્ક તરીકે ફરજ બજાવુ છુ અને હાલમાં મેજીસ્ટ્રીયલ ટેબલ હુ સંભાળું છુ અને કોર્ટને લગતી કામગીરી વગેરે મારા અંડરમાં આવે છે. આજરોજ હુ અત્રેની કોર્ટમાં આવેલ છુ કારણે કે, મહે. કલેકટર શ્રી રાજકોટ દ્વારા અત્રેની કોર્ટમાં

સદર કામે અમોને મહે. જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના તારીખ–૩૧–૦૮–૨૦૧૬ ના હથીયાર બંધી અંગેના જાહેરનામાની નકલ સાથે હાજર રહેવા સુચના થયેલ છે. જે પત્રની નકલ હુ મારી સાથે લાવેલ છુ જે રજુ કરુ છુ જેને રજુ દાખલ આંક–૮૧ આપવામાં આવે છે. જે પત્રમાં મામલતદાર સાહેબે અમોને કોર્ટમા હાજર રહેવા આદેશ કરતા આજરોજ કોર્ટમાં આવેલ છીએ જેમા મામલતદાર સાહેબની સહી છે.

ગઈ તારીખ–૩૧–૦૮–૨૦૧૬ ના રોજ મહે. અધીક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબ રાજકોટનાઓએ ગુજરાત પોલીસ અધીનીયમ ૧૯૫૧ ની કલમ – ૩૭(૧) અન્વયે હથીયાર બંધી અંગેનુ જાહેરનામું ક્રમાક જે/એમ.એ.જી/ ક.૩૭(૧) જા.નામુ/જુલાઈ–૧૬/થા.નં.–૧૯/૧૪ પ્રસિધ્ધ કરવામાં આવેલુ જે મુજબ સદર જાહેરનામુ હથીયાર બંધી અંગેનુ હતુ અને તે તારીખ–૧–૯–૨૦૧૬ થી પોલીસ કમીશ્નર શ્રી રાજકોટ શહેર રાજકોટની હકુમત સિવાયના રાજકોટ ગ્રામ્ય જીલ્લાના સમગ્ર વિસ્તારમાં અમલી હતુ. જે જાહેરનામાની ખરી નકલ આજરોજ હુ મારી સાથે લાવેલ છું જેમાં અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબની સહી છે અને કચેરીનો રાઉન્ડ શીલ છે. જે હુ રજુ કરુ છુ જે ને રજુ દાખલ આંક–૮૨ આપવામાં આવે છે. સદર જાહેરનામુ બહોળી પ્રસિધ્ધી અંગે રાજકોટ જીલ્લાની તમામ સરકારી કચેરીઓમાં પણ મોકલવામાં આવેલ તેમજ તમામ પોલીસ સ્ટેશનોમાં પણ મોકલવામાં આવેલુ અને અત્રેની કચેરીને પણ મોકલવામાં આવેલ તેમજ મેનેજર શ્રી સરકારી પ્રેસ રાજકોટને પણ ગ્રેજેટમાં પ્રસિધ્ધ કરવા માટે મોકલી આપવામાં આવેલ.

આરોપીના વિ.વ.શ્રી એચ.પી.માલવીએ સાહેદની ઉલટતપાસ કરેલ છે જેમા સાહેદે પોતાની ઉલટતપાસમા નીચે મુજબ જણાવેલ છે.

"એ વાત ખરી છે કે, સદરકામનુ જાહેરનામુ ઉમરકોટની ગ્રામ

પંચાયત કે, તલાટી કમ મંત્રી ને બજેલ હોવાનો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. એ વાત ખરી છે કે, ઉમરકોટ મુકામે જાહેરનામાંનો ઢંઢેરો કરેલો હોય કે, લાઉડ સ્પીકર થી જાહેરાત કરેલી હોય એવી કોઈ હકીકત મારી જાણમાં નથી. એ વાત ખરી છે કે, સદર કામના જાહેરનામાંની કોઈ જાહેર જગ્યાએ ચોટાડી પ્રસિધ્ધી કરેલ હોવાની કોઈ પુરાવો કે, પંચનામુ કરેલ હોવાનુ પણ પુરાવો આ કામે રજુ કરેલ નથી."

(૨૦)સદર કામે આરોપી સામે જે તહોમત ઘડવામા આવેલ છે તેમા જી.પી.એકટની કલમ-૩૭(૧), ૧૩૫ નો ઉલ્લેખ કરવામા આવેલ છે અને ફરિયાદપક્ષે આંક-૮૦ આ કામના જાહેરનામા કલર્કને ઉપરોકત જી.પી.એકટની કલમ બાબતે તપાસવામાં આવેલ છે, પરંતુ જો આ સાક્ષીની ઉલટતપાસ વંચાણે લેવામાં આવે તો તેઓએ એવી હકીકત કબુલ રાખેલ છે કે, સદર કામના જાહેરનામાને અધિક જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીનાઓએ દરેક કચેરીના નોટીસ બોર્ડ પર યોગ્ય રીતે પ્રસિદ્ધિ માટે મોકલ્યા અંગેની કોઈ બાબત રેકર્ડ પર લાવી શકેલ નથી તેમજ સદર કામનું જાહેરનામાને સરકારી ધારા ધોરણ મુજબ ઢંઢેરો પીટી જે સામાન્ય નાગરીક વચ્ચે જાહેરનામાની જાણ થવી જોઈએ તે મુજબની કોઈ જાણ આ કામના ફરિયાદપક્ષે તપાસેલ સાહેદની ઉલટતપાસમાં આવતું નથી જેથી હાલના કામના આરોપીને જી.પી.એકટની કલમ-૩૭(૧), ૧૩૫ મુજબના ગુન્હા સબબ તકસીરવાન ઠરાવી શકાય તેવું યોગ્ય અને ન્યાયોચિત જણાઈ આવતું નથી.

(૨૧)હવે ઈ. પી. કો. કલમ-૫૦૪ બાબતે ફરીયાદ પક્ષના કેસની હકીકતને ધ્યાનમાં લેવામાં આવે તો, આ કામના ફરીયાદી તથા સાહેદ દીલુબેન તેમની જુબાનીમાં આરોપીએ ફરીયાદીને

ગાળો બોલેલ હોવાનું જણાવેલ છે. હવે ઈ.પી.કો.કલમ–૫૦૪ ના આવશ્યક તત્વો જોતા ખરેખર આરોપી કયા શબ્દો ગાળોમાં બોલેલા તે રેકર્ડ પર આવવું જોઈએ અને તેને કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોવાનું કે જાહેર શાંતિનો ભંગ થયેલ હોવાનું રેકર્ડ ઉપર આવવું જોઈએ પરંતુ ફરીયાદી અને સાહેદ દીલુબેનની જુબાનીનું ધ્યાનપુર્વક અને ઝીણવટપુર્વક મુલ્યાંકન કરી વંચાણે લેવામાં આવે તો ફરીયાદી તેમની જુબાનીમાં આરોપીએ ફરીયાદીને ગાળો આપેલ તેમાં ચોકકસ શું શબ્દો બોલેલા તે રેકર્ડ ઉપર આવતુ નથી તેમજ તેના કારણે ફરીયાદીને ઉશ્કેરાટનું કારણ મળેલ હોવાનું પણ રેકર્ડ પર આવતું નથી. તેથી આ ગુનાના કામે ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબના આવશ્યક તત્વો સંતોષાતા નથી. આમ આરોપીને ઈ.પી.કો. કલમ–૫૦૪ મુજબના ગુના માટે પણ તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૨)આ કામે આંક–૮૧ ના મારક હથિયાર કબજે કર્યા અંગેના પંચનામાના પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલા હોય, તેઓની જુબાનીથી ફરીયાદ પક્ષ મારક હથિયાર કબજે કર્યા અંગેનું પંચનામું પુરવાર કરી શકેલ નથી તેમજ ફરીયાદી તથા સાહેદ દીલુબેનની જુબાનીથી બનાવ સમયે આરોપી પાસે દાતરડુ હોવાનું જણાઈ આવે છે, પરંતુ આ કામે બનાવ સમયે જીલ્લા મેજી.શ્રી, રાજકોટનાઓનું હથિયાર બંધીનું જાહેરનામું અમલમાં હોવા બાબતેનો કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી કે સદર

જાહેરનામાની બનાવ સમયે જાહેર જગ્યાઓ ઉપર યોગ્ય રીતે જાહેર પ્રસિધ્ધિ કરવામાં આવેલ હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ નથી. તેથી આ કામના આરોપીએ બનાવ સમયે મારક હથિયાર ધારણ કરી અધિક જિલ્લા મેજી.શ્રી, રાજકોટનાઓના જાહેરનામાનો ભંગ કરેલ હોવાની હકીકતને કોઈ સમર્થન મળતું નથી. આમ આરોપીને જી.પી.એકટની કલમ–૩૭(૧),૧૩૫ મુજબના ગુના માટે તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી.

(૨૩)સદર કામે આંક–૦૮(એ) થી અત્રેની અદાલતે મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા જે તે વખતે તહોમતનામુ ઘડવામાં આવેલ જેમા સદર કામના હથિયારમાં દાતરડાના બદલે દોરડા લખાય ગયેલ હોવાનું જણાઇ આવે છે, પરંતુ જો હાલના કામમાં પુરાવાનું મુલ્યાંકન કરવામાં તેમજ મુદ્દામાલ પાવતી વંચાણે લેવામાં આવે તો સદર કામે રીકવર થયેલ મુદ્દામાલ તે દાતરડુ હોવાનું જણાઇ આવે છે જેથી સદર કામનો ચાર્જ હોલ્ટર કરી આંક–૦૮(એ) માં દોરડાના બદલે દાતરડું વંચાણે લેવામાં આવેલ છે. આ કામે આંક–૨૨ થી ફરિયાદીને તપાસવામાં આવેલ છે અને ફરિયાદી તેઓની સરતપાસમાં પોતાની ફરિયાદ હકીકતને મહદઅંશે સમર્થન આપે છે અને ઉલટતપાસમાં ફકત માઈનર કોન્ટ્રાડીકશન રેકર્ડ પર લાવે છે જેમા ફરિયાદી જણાવે છે કે, સદર કામની ફરિયાદ છ દિવસ મોડી કરેલ તે અંગેનું કોઇ કારણ તેઓ દ્વારા જણાવવામાં આવેલ નથી, પરંતુ જો હાલના કામના ફરિયાદીની સમગ્ર જુબાની વંચાણે લેવામાં આવે તો ફરિયાદી પોતાના સાથે જે ઘટના બનેલ તેની ફરિયાદ સાથે વળગી રહે છે જેથી ફરિયાદીની ફરિયાદ હકીકત ન માનવા માટે અત્રેની અદાલત સમક્ષ કોઇ કારણ ઉપસ્થિત થતું

નથી. તે જ પ્રમાણે આ કામના ફરિયાદીના પત્ની દીલુબેન દાદુભાઈ સરવૈયાને આંક-૨૯ થી તપાસવામાં આવેલ છે. જેઓ પણ ફરિયાદીની ફરિયાદ હકીકતને સમર્થન લાયક જુબાની આપેલ છે અને ઉલટતપાસમાં પણ પોતાના નિવેદનને વળગી રહે છે અને બચાવપક્ષ સદર સાહેદ તેમજ ફરિયાદીની ઉલટતપાસમાં કોઈ વિરોધાભાષી હકીકત બનાવ અંગેની રેકર્ડ પર લાવી શકેલ નથી. આમ, ફરિયાદી તેમજ તેઓના પત્નીએ ફરિયાદપક્ષના કેસને મહદઅંશે સમર્થન કરેલ હોવાનું અત્રેની અદાલતના રેકર્ડ પર આવેલ છે. વધુમાં, ફરિયાદીના પુત્ર રાહુલ દાદુભાઈનાઓને આંક-૩૬ ની જુબાનીથી ફરિયાદ પક્ષની હકીકતોને સમર્થન આપેલ છે જે બાબત અત્રેની અદાલત નજર અંદાજ કરી શકે તેમ નથી, કારણ કે બચાવપક્ષે સાહેદ રાહુલની ઉલટતપાસમાં પણ કોઈ વિરોધાભાષી હકીકત રેકર્ડ પર લાવી શકેલ નથી.

(૨૪)આ તબક્કે અત્રેની અદાલતના ધ્યાન પર નીચે મુજબનો એક ચુકાદો નોટીસ પર આવેલ છે જે **૨૦૦૮(૩) ક્રાઈમ્સ પાન નં.૩૩૮ ઉપર રીપોર્ટેડ અર્જુન માહતો વિ. સ્ટેટ ઓફ બિહારના** કેસનો છે. જેમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પેરા-૫ માં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે, '' 5. Merely because the eye-witnesses are family members their evidence cannot per se be discarded. When there is allegation of interspecies, the same has to be established. Mere statement that being relatives of the deceased they are likely to falsely implicate the accused cannot be a ground to discard the evidence which is otherwise cogent and credible. We shall also deal with the contention regarding interestedness of the witnesses for furthering prosecution version.

Relationship is not a factor to affect credibility of a witness, It is more often than not that a relation would not conceal actual culprit and make allegations against an innocent person. Foundation has to be laid if plea of false implication is made in such case, the court has to adopt a careful approach and analyses evidence to find out whether it is cogent and credible."

(૨૫) અત્રે એ.આઈ.આર.૧૯૮૮ સુ.કો.પાન નં.૬૯૬ ઉપર રીપોર્ટેડ "Appabhai v. State of Gujarat " ના કેસનો નામદાર સર્વોચ્ચ અદાલતના ચૂકાદાનો સંદર્ભ પ્રસ્તુત જણાય છે. સદર ચૂકાદામાં પેરા–૧૧ માં નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે કે,

"Experience reminds us that civilized people are generally insensitive when a crime is committed even in their presence. They withdraw both from the victim and the vigilante. They keep themselves away from the Court unless it is inevitable. They think that crime like civil dispute is between two individuals or parties and they should not involve themselves. This kind of apathy of the general public is indeed unfortunate, but it is there everywhere whether in village life, towns or cities. One cannot ignore this handicap with which the investigating agency has to discharge its duties. The court, therefore, instead of doubting the prosecution case for want of independent witness must consider the broad spectrum of the prosecution version and then search for the nugget of truth with due regard to probability, if any, suggested by the accused. The Court, however, must bear in mind that witnesses to a serious crime may not react in a

normal manner. Nor do they react uniformly. The horror stricken witnesses at a dastardly crime or an act of egregious nature may react differently. Their course of conduct may not be of ordinary type in the normal circumstances. The Court,therefore, cannot reject their evidence merely because they have behaved or reacted in an unusual manner. "

સાહેદોના પુરાવામાં સામાન્ય વિસંગતતાઓને કેટલું મહત્વ આપી શકાય તે બાબતે નામદાર સર્વોચ્ચ અદાલતે **ભરવાડ ભોગીભાઈ હીરજીભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** કેસના ચૂકાદામાં માર્ગદર્શન આપેલ છે, જે નીચે મુજબ છે.

In Bharwada Bhogibhai Hirjibhai v. State of Gujarat (1983) 3 SCR 280 at P. 287 : (AIR 1983 SC 753 at p. 736) M. P.Thakkar. J. observed : "A witness though wholly truthful, is liable to be overawed by the court atmosphere and the piercing cross examination made by counsel and out of nervousness mix up facts, get confused regarding sequence of events, or fill up details from imagination on the spur of the moment. The sub-conscious mind of the witness sometimes so operates on account of the fear of looking foolish or being disbelieved though the witness is giving a truthful and honest account of the occurrence witnessed by him - perhaps it is a sort of a psychological defence mechanism activated on the spur-of the moment." Discrepancies which do not go to the root of the matter and shake the basic version of the witnesses therefore cannot be annexed with undue importance. More so when the all important "probabilities-factor" echoes in favour of the version narrated by the witnesses.

આમ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી પક્ષે કરવામાં આવેલ દલીલ માં ઉપરોકત જે વિરોધાભાસ જણાવેલ છે તે વિરોધાભાસ થી ફરીયાદ પક્ષના કેસના રૂટ ફોર્મને મહત્વની અસર થતી નથી. જેથી બચાવપક્ષે ડોકટરની જુબાની તથા મેડીકલ સર્ટીફીકેટમાં ફરીયાદીને થયેલ ઈજાઓ અંગેના વિરોધાભાસ અંગે જે ઉપરોકત દલીલો કરેલ છે તે વિરોધાભાસ ફરીયાદ પક્ષના કેસના રૂટ ફોર્મને કોઈ અસર કરતો ન હોય આરોપી પક્ષની સદર દલીલ

ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી.

(૨૬) વધુમાં ઉપરોકત ચુકાદામાં રીફર થયેલ નામદાર સર્વોચ્ચ અદાલતના **અપ્પાભાઈ વિ. સ્ટેટ ઓફ ગુજરાતના** કેસના ચૂકાદામાંનું નામદાર સર્વોચ્ચ અદાલતનું તારણ ધ્યાને લેતા સામાન્ય રીતે લોકો ગુન્હા પ્રત્યે સંવેદનશીલ હોતા નથી અને સ્વતંત્ર સાહેદો સ્વભાવગત વિશેષતાને કારણે પોલીસ એજન્સી કે કોર્ટથી દૂર રહેતા હોય છે તેમજ **અર્જૂન માહતો વિ. સ્ટેટ ઓફ બિહારના** કેસમાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા સદર કામે ભોગ બનનારના નજીકના સબંધીઓ જ સાક્ષી હોવાના કારણે તેઓનો પુરાવો વિશ્વશનિય ન હોવાનું ઠરાવી શકાય નહીં, અલબત આ સાહેદોના પુરાવાને ઝીણવટપૂર્વક તપાસવાની જરૂર રહે છે.

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે ઉપરોકત ચૂકાદાઓમાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લેતા સદર કામે ભોગ બનનારના નજીકના સબંધીઓ જ સાક્ષી હોવાના કારણે તેઓનો પુરાવો વિશ્વસનીય ન હોવાનું ઠરાવી શકાય નહીં, અલબત આ સાહેદોના પુરવાને ઝીણવટપૂર્વક તપાસવાની જરૂર રહે છે. આ કામે ફરીયાદી તથા સાહેદ દીલુબેન દાદુભાઈ સરવૈયાનો પુરાવો ઉપરોકત કરેલ ચર્ચા મુજબ વિશ્વાસપાત્ર જણાય છે. જેથી તેને નહી માનવાને કોઈ કારણ નથી. આમ ઉપરોકત તમામ ચર્ચા કર્યા પ્રમાણે આરોપીપક્ષની એવી દલીલ કે, આ કામે તપાસ કરનાર અમલદારે સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી અને જે સાહેદોના નિવેદનો લીધેલ છે તે તમામ હિત ધરાવતા સાહેદો છે. તેથી તેઓના પુરાવાને માની શકાય નહી અને તેનો લાભ આરોપીને મળવો જોઈએ તે દલીલ ગ્રાહ્ય રાખવા પાત્ર જણાતી નથી.

વધુમાં પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ અનુસાર કોઈ હકીકતની સાબિતી માટે ચોકકસ સંખ્યાના સાહેદોની જરૂર નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે સંખ્યાબંધ ચૂકાદાઓમાં ઠરાવેલ છે કે અદાલતોએ પુરાવાનું મુલ્ય જોવુ જોઈએ અને સાક્ષીઓની સંખ્યા વિચારણામાં લેવી જરૂરી નથી. જો પુરાવો વિશ્વસનીય જણાય તો શંકાના લાભનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. ફરીયાદ પક્ષ તરફે તપાસવામાં આવેલ ફરીયાદી તથા સાહેદ એક કુટુંબના સભ્ય હોવા માત્રથી સાહેદને ફરીયાદ પક્ષ તરફે રસ ધરાવનાર સાહેદ હોવાનું માની શકાય નહીં.

ઉપરોકત પ્રસ્થાપિત સિધ્ધાંતો તથા ચર્ચાના સંદર્ભમાં ફરીયાદ પક્ષના પુરાવાની મુલવણી કરતા ફરીયાદ પક્ષના સાહેદોની બનાવ સ્થળે હાજરી સ્વાભાવિક જણાય છે. તેઓનો પુરાવો સચોટ, સાતત્યપુર્ણ અને વિશ્વસનીય જણાય છે તેથી પોલીસે સ્વતંત્ર સાહેદનું નિવેદન લીધેલ નથી કે ફરીયાદ પક્ષે તેવા સાહેદને તપાસેલ નથી તેવી આરોપીના વિ.વ.શ્રીની દલીલને વિશેષ મહત્વ આપી શકાય તેમ નથી. હાલના કામમાં જો પુરાવાનું મુલ્યાંકન કરવામાા આવે તો ફરિયાદી તેમજ આરોપીઓના ખેતર એક જ સેઢે આવેલા છે અને પુરતી સંભાવનાઓ રહેલી છે કે, એક જે સેઢે ખેતર આવેલ હોવાથી બંન્ને પક્ષકારો વચ્ચે મતભેદ પણ ચાલતો હોય અને ફરિયાદપક્ષનો પુરાવો વંચાણે લેવામાં આવે તો સેઢા બાબતની તકરારના કારણે જ હાલનો બનાવ બનવા પામેલ હોવાનું પણ અત્રેની અદાલતને જણાઈ આવે છે.

(૨૭)ક્રીમીનલ જયુડી. પ્રુડન્સ મુજબ ફરિયાદપક્ષે પોતાના કેસના સબળ પુરાવાને વાંચી પુરવાર કરવો પડે અને તેમા આપેલ પુરાવાની એક સાંયોગિક સાકળ બનાવી જોઈએ જેથી

સ્પષ્ટરીતે ફલિત થાય કે ગુન્હો બનેલ છે અને જો તેમ ન થાય તો તેનો બચાવ આરોપીને મળે. હાલનાકેસની હકીકત જોવામા આવે તો ફરિયાદપક્ષે ફરિયાદી તેમજ તેના પત્નિ સદર કામે ભોગ બનનાર અને ઈજા પામનાર છે. જેથી તેઓની જુબાની અત્રેની અદાલત માટે મહત્વની બની જાય છે. જો હાલના કામે તબીબી અધિકારીશ્રીની આંક-૪૩ ની જુબાની વંચાણે લેવામાં આવે તેમજ આંક-૪૪ વાળુ તબીબી પ્રમાણપત્ર વંચાણે લેવામાં આવે તો તે આ કામના ફરિયાદીનું એમ.એલ.સી. હોવાનું જણાઈ આવે છે અને આંક-૫૯ ના તબીબી અધિકારીની જુબાની વંચાણે લેવામાં આવે તેમજ આંક-૬૦ વાળુ તબીબી પ્રમાણપત્ર વંચાણે લેવામાં આવે તો તે આ કામના ફરિયાદીના ઘરનાનું એમ.એલ.સી. હોવાનું જણાઈ આવે છે. તે જ પ્રમાણે સદર કામના ત.ક.અ.શ્રીનાઓને આંક-૪૬ થી તપાસવામાં આવેલ છે અને તેઓએ ફરિયાદપક્ષની હકીકતને મહદઅંશે સમર્થન આપેલ છે અને તેઓની વિગતવારની ઉલટતપાસમાં પુરાવાના વિષ્લેશણબાદ અત્રેની અદાલતને ફકત સામાન્ય વિષમતઓ જણાઈ આવે છે જે ફરિયાદપક્ષના કેસને ફેટલ થતો હોવાનું જણાઈ આવતું નથી અને તે બાબતે અત્રેની અદાલતના ધ્યાન પર નામ. વડી અદાલતનો એક ચુકાદો છે જે ધ્યાને લેવો અનિવાર્ય છે. જે **''હીરાલાલ પાંડે વિ. સ્ટેટ ઓફ યુ.પી.'', '' ૨૦૧૨ ક્રિ.લો.રી. (સુ.કો.) ૩૯૯''** ઉપર પ્ર સિધ્ધ થયેલ છે. જેની હેડ નોટ-'બી' માં નીચે મુજબનો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલ છે:-

Note-B:- Defective investigation - Defects in the investigation cannot be a ground to disbelieve the prosecution story.

આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ

સિધ્ધાંતને ધ્યાને લેવામાં આવે તો, તપાસની ખામીના લીધે ફરીયાદ પક્ષના કેસની હકીકત નહીં માનવાનું કોઈ કારણ નથી.

(૨૮)આમ, હાલના કામે જો ત.ક.અ.શ્રીની આંક–૪૬ વાળી જુબાની વંચાણે લેવામાં આવે તો અને તબીબી અધિકારીશ્રીઓની આંક–૩૬ અને આંક–૫૯ વાળી જુબાની વંચાણે લેવામાં આવે તો બચાવપક્ષે તે સાક્ષીઓની વિગતવારની ઉલટતપાસ કરવામાં આવેલ છે અને તે તબીબી અધિકારીશ્રીઓએ તેની સરતપાસમાં સ્પષ્ટપણે જણાવેલ છે કે હાલના કામે જે ઈજા પામનારાઓ છે તેઓની ઈજા તીક્ષ્ણ હથિયારોથી સંભવી જ ન શકે તેમજ ઉપરોકત બંન્ને તબીબી અધિકારીઓએ તેઓની ઉલટતપાસમાં એવી હકીકત પણ કબુલ રાખેલ છે કે હાલના કામના ઈજા પામનારાઓને ઈજા થેયલી તે સામાન્ય પ્રકારની ઈજાઓ હતી જેથી સદર કામના પુરાવાનું મુલ્યાંકન કરતા અત્રેની અદાલતને એવું જણાય છે કે, સદર કામે ફરિયાદપક્ષે ઈ.પી.કો.ની કલમ–૩૨૪ ના તત્વો પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે જેથી આ કામના આરોપીને ઈ.પી.કો.કલમ–૩૨૪ મુજબ તકસીરવાન ઠરાવી શકાય તેમ ન હોય તેવું પણ અત્રેની અદાલતનું પ્રામાણિકપણે માનવું છે.

(૨૯)હાલના કામનો બનાવ તા.૨૮.૦૮.૨૦૧૬ ના રોજ બપોરના ૧૭.૦૦ વાગ્યાના સુમારે ફરિયાદીના પત્નીએ આરોપીને તેના ભાગનુ શેઢાનુ ઘાસ કાપવા કહેતા આરોપીએ સાહેદને આ કયાં તારા બાપનો સેઢો છે તેમ કહી ગાળો આપી તેના હાથમાં રહેલ દાતરડા વડે ફરિયાદી તથા સાહેદને માર મારી ઈજા કરી મહેરબાન જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબના જાહેરનામાનો ભંગ કરતા ઈ.પી.કો.કલમ–૩૨૪, ૩૨૩,

૫૦૪ તથા જી.પી.એકટની કલમ-૩૭(૧), ૧૩૫ મુજબનો શિક્ષા પાત્ર ગુન્હામાંથી માત્ર ઇ.પી.કો.કલમ-૩૨૩ નો ગુન્હો કરેલ હોવાનું રેકર્ડ પર આવેલ છે અને બચાવપક્ષ ઉપરોકત સાહેદોની ઉલટતપાસમાં કોઈપણ જાતનો ખંડન કરતો કોઈપણ જાતનો પુરાવો અત્રેની અદાલતમાં રેકર્ડ પર લાવી શકેલ નથી તેવા સંજોગોમાં આ કામના આરોપીને ઉપરોકત ગુન્હો કરેલ હોવાનુ જણાય આવે છે.

(૩૦) વધુમાં **<u>૨૦૧૨(૨) જી એલ.આર. ૧૩૧૮(દાદમહોમંદ અમદ સુમરા વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત)</u>** નો ચૂકાદો ઘ્યાને લેતા તેમાં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે, જો જુબાનીમાં વિરોધાભાસ હોય, તેમ છતા જુબાનીઓની મહત્વની વિગતો ઘ્યાનમાં લેતા ફરીયાદની વિગત પુરવાર થતી હોય, તો સામાન્ય વિરોધાભાસથી ફરીયાદ પક્ષના કેસને અસર થતી નથી. જેથી બચાવપક્ષે વિરોધાભાષ અંગે જે દલીલો કરેલ છે તે દલીલો ફરીયાદપક્ષના કેસને કોઈ નુકશાનકર્તા નથી. **<u>નામ.સુપ્રિમ કોર્ટે ૨૦૧૧(સુ.કોર્ટ) પાન-૨૮૦(સી</u>**)નાં ચુકાદામાં એવું ઠરાવેલ છે કે:-

**<u>''જે વ્યકિત એવો બચાવ લેતી હોય કે, તેને માત્ર ખોટીરીતે સંડોવી દેવામાં આવેલ છે તો તેણે સૌ પ્રથમ તે સંદર્ભમાં માળખું બાંધવું પડે, તે બાદ તે હકીકતને પ્રબળ પુરાવાથી સાબીત કરવી પડે.''</u>**

પરંતુ હાલનાં કેસમાં બચાવપક્ષ દ્વારા તેવું કોઈ માળખું બાંધવામાં આવેલ નથી કે, તે સંદર્ભમાં કોઈ ખુલાસો કે સબળ પુરાવો પણ રજુ કરેલો નથી. તેથી પણ બચાવ પક્ષની ઉપરોકત દલીલ માન્ય રાખી શકાય તેમ નથી.

ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષે રજુ કરેલ તમામ પુરાવાને એકી સાથે વંચાણે લેતાં એટલી હકીકત રેકર્ડ પર પુરવાર થાય

છે કે, આ કામના આરોપીઓ પૈકી આરોપીએ ફરીયાદીને દાતરડાથી મારી સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરેલ છે તેમજ આરોપીનાએ ફરિયાદીને જમણા હાથમાં ત્રીજી અને ચોથી આંગળીની વચ્ચેના ભાગે સ્વૈચ્છાપૂર્વક વ્યથા કરેલ છે તેમજ ઉપરોકત ચર્ચા મુજબ આરોપી પક્ષના તમામ બચાવ અને દલીલો ગ્રાહય રાખવાપાત્ર જણાઈ આવતા નથી. જેથી આરોપીઓ વિરૂધ્ધ ઈ.પી.કો.ની કલમ–૩૨૩ મુજબનો ગુનો પુરવાર થયેલ હોવાનું જણાઇ આવે છે.

(૩૧) આમ, સદર કામનુ તહોમત વંચાણે લેતાં તેમજ ફરિયાદપક્ષે રજુ થયેલ સાહેદોની જુબાની તેમજ આંક–૦૨ થી રજુ મુદ્દામાલ પાવતી તેમજ આંક–૪૪, આંક–૬૦ અને આંક–૬૧ થી રજુ થયેલ તબીબી પ્રમાણપત્રો એટલે કે મેડીકલ પ્રમાણપત્રો વંચાણે લેતા, અત્રેની અદાલતને સ્પષ્ટપણે જણાય છે કે, આ કામના આરોપીએ આ કામના ફરીયાદીને દાતરડા વડે વ્યથા પહોંચાડેલ હોવાની હકીકત તેમજ ફરિયાદી અને તેઓના પત્નીને માર મારેલ અને ગાળો પણ આપેલાનું પુરવાર થાય છે. જેથી મુદ્દા નં.૧ નો નિર્ણય "**અંશતઃહકારમાં**" આપી અને મુદ્દા નં.૨ પરત્વે આરોપીને સજા બાબતે સાંભળવા સારૂ મુલતવી રાખવામાં આવે છે.

સ્થળઃ-ધોરાજી.
તા.૨૦/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)

## // સજા બાબતે સાંભળ્યા બાદનો હુકમ //

(૩૨)સદર કામના આરોપી વિરૂદ્ધ ઇ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૫૦૪ તથા જી.પી.એક્ટની કલમ–૩૭(૧) અને ૧૩૫ મુજબનું તહોમત છે. જયારે આરોપી વિરૂદ્ધ ઇ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૪ મુજબનો ગુન્હો સાબિત થતો હોય આરોપીને સદર ગુન્હા અંગે સજા કરતાં પહેલા સાંભળવા જરૂરી હોઇ સાંભળવામાં આવેલ છે.

(૩૩)સદર કામે આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી એચ.પી.માલવીનાઓએ એવી રજૂઆત કરેલ છે કે, આરોપીનો પ્રથમ ગુન્હો છે. આરોપીને અગાઉ કોઇ ગુન્હામાં દોષિત ઠરાવવામાં આવેલ નથી કે આ સિવાય બીજી કોઇ ફરિયાદ આરોપી વિરૂદ્ધ ભુતકાળમાં કયાંય દાખલ થયેલ નથી. કેસ નવ વર્ષ વધુ જુનો છે. આરોપી ખુબ ગરીબ અને મજુર વર્ગનો માણસ છે. આરોપીના વિ.વ.શ્રી આરોપી તરફે ભવિષ્યમાં આવો કોઇ ગુન્હો નહિં કરે તેવી મૌખિકમાં ખાતરી આપે છે. આથી આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૧૯૭૩ ની કલમ–૩૬૦ મુજબ પ્રોબેશનનો લાભ આપવા રજૂઆત કરેલ છે.

(૩૪)સદર કામે ફરિયાદપક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રી કે તેઓની મૌખિક રજૂઆતમાં જણાવેલ છે કે, આરોપી સામે ઇ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૪ મુજબનો ગુન્હો સાબિત થયેલ છે. ત્યારે ફરિયાદપક્ષનો અદાલતમાં વિશ્વાસ જળવાઇ રહે તે માટે અને તેમને ન્યાય મળ્યો છે તેવું અનુભવે તેથી આરોપીને તેની વિરૂદ્ધ સાબિત થયેલા ગુન્હામાં કાયદામાં જણાવેલ મહત્તમ શિક્ષા કરવા રજૂઆત કરેલ છે.

(૩૫)આમ, ઉપર મુજબ બંન્ને પક્ષની પરસ્પર વિરોધી દલીલો ધ્યાન લેતાં તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦ ની જોગવાઇઓ ધ્યાને લેતાં તેમજ ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦ ની કલમ કાયદામાં ઉમેરવા પાછળનો એવો ઉદ્ધેશ રહેલો છે કે, આરોપીને તેણે કરેલ

ગુન્હા બદલ તેને સુધરવાની તક મળી રહે અને આરોપીને સામાન્ય કે નજીવા ગુન્હામાં પણ કેદની શિક્ષા કરવામાં આવે તો તે જેલમાં તેની સાથેના બીજા રીઢા અને ગંભીર ગુનાના આરોપીના સંપર્કમાં આવે અને તેના કારણે આરોપી ખોટા રસ્તે ચડી જાય અને તે રીઢો ગુનેગાર બની જાય તેમજ આરોપીને કઠોર સજા કરવાથી તેનામા એક વેરભાવના ઉત્પન્ન થાય અને તે બદલાની ભાવનાથી પીડાતો રહે તેમજ કારાવાસના કારણે આરોપીની સ્વતંત્રતા ઝુંટવાઇ જતા તેના મન ઉપર વિપરીત અસર થતી હોય છે. આથી સામાન્ય ગુન્હાના આરોપીને સુધરવાની તક મળી રહે તે માટેની શુભ ભાવના રહેલી છે. જયારે આરોપી રીઢો ગુનેગાર ન હોય, તેનો પ્રથમ ગુનો હોય, આરોપી પસ્તાવો વ્યકત કરતો હોય અને અદાલત પાસે સુધરવાની તક માંગતો હોય તેમજ આરોપી સુધરી શકે તેવું જણાતું હોય તો તેવા સંજોગોમાં આવા ગુન્હેગારને માફી બક્ષવામાં કે અજમાયશી ધોરણે મુકત કરવામાં આવે તો તે ન્યાયોચિત ગણાશે. વધુમાં, આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૩૬૦ નો લાભ આપવાથી સમાજને કોઇ નુકસાન કે હાનિકારક નથી. કેસની હકીકત તથા બંન્ને પક્ષની દલીલો જોતાં આરોપીનો આ પ્રથમ ગુન્હો છે, તેમને આ અગાઉ કોઇ ગુન્હામાં દોષિત ઠરાવવામાં આવેલા નથી કે આ કેસ સિવાય તેઓ વિરૂદ્ધ બીજી કોઇ ફરિયાદ કે કેસ આ અદાલતમાં પેન્ડીંગ નથી. આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૩૬૦ મુજબ પ્રોબેશનનો લાભ આપવો આ કોર્ટને જરૂરી અને ન્યાયોચિત જણાય છે. વધુમાં, સદર કામે અત્રેની અદાલતે જયારે આરોપીને પ્રોબેશન ઓફ ઓફેન્ડસ એકટ ૧૯૫૮ મુજબ પ્રોબેશનનો લાભ આપેલ છે તેવા સંજોગોમાં નામ.ગુજરાત હાઇકોર્ટનો પ્રવિણભાઇ બાબુભાઇ સોઢા પરમાર વિ.ગુજરાત રાજયનો ચુકાદો હાલના કેસની હકીકતોને લાગુ પડતો નથી. જેથી આરોપીને હાલના તબક્કે કોઇ કેદની કે દંડની શિક્ષા ન કરતા ન્યાયના હિતમાં

નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## // આ ખ રી હુ ક મ //

૧. આ કામના આરોપી જયેશભાઈ ભીખાભાઈ સરવૈયા, રહે. ઉમરકોટ, તા.ધોરાજીનાઓને ફોજદારી કાર્યરીતી સહીતાની કલમ–૨૪૮(૨) અન્વયે તેમની સામેના ભારતીય દંડ સંહિતાની કલમ–૫૦૪ તથા જી.પી.એકટની કલમ–૩૭(૧), ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ઈ.પી.કોડની કલમ–૩૨૩ અને ૩૨૪ મુજબના ગુન્હામાં દોષિત ઠરાવવામાં આવે છે.

પરંતુ, હાલ પુરતી આરોપીને કોઈ સજા અને દંડ ન કરતાં ક્રિ.પ્રો.કોડની કલમ–૩૬૦(૧) અન્વયે એક વર્ષ માટે રૂા.૫૦૦૦/–(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કર્યેથી પ્રોબેશનનો લાભ આપી સારી ચાલ–ચલગતના જામીન ઉપર મુકત કરવાનો હુકમ ફરમાવવામાં આવે છે. આરોપીને કોઈપણ સમયે અદાલત જયારે પણ બોલાવે ત્યારે આ ગુન્હાના કામે સજા ભોગવવા હાજર રહેવુ.

૨. અપીલ સમય બાદ, મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ મુદ્દામાલનો ધારા–ધોરણસર નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કામે જો આરોપી સી.આર.પી.સીની કલમ ૩૬૦ ની કાયદાકીય જોગાવઈઓનું પાલન ન કરે તો આ કામના આરોપી વિરૂદ્ધ રોજકામ મુજબની કાર્યવાહી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

– હુકમ, આજ તારીખઃ ૨૦, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ-ધોરાજી.
તા.૨૦/૦૪/૨૦૨૬

(સુનિલ વામન વાઘ)
**એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,**
ધોરાજી.
(જજ કોડ-જીજે૦૧૨૫૮)